Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૯ મું.   આત્મ સં. ૫૫   સંવત ૨૦૦૮.

અંક ૧૧ મો.   તા ૧૫-૬-૫૨   જ્યેષ્ઠ.



વાર્ષિક લવાજમ રૂા ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ | સામાન્ય જિન સ્તવન ... ... ...( પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિ૦ મ૦ ) | ૧૪૫ |
| ૨ | બોધ શતક ... ... ... ... ( પૂ આ. શ્રી કસ્તૂરસૂરિ૦ મ૦ ) | ૧૪૬ |
| ૩ | શ્રી સિદ્ધસેન દિવાકરની કૃતિઓ ... ... ( પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા ) | ૧૪૭ |
| ૪ | શ્રી ઇશ્વરદેવ સ્તવન સાર્થ ... ... ... ( ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ મોરબી ) | ૧૫૦ |
| ૫ | જૈન સાહિત્ય સંબંધી ઇન્ડીયા ઓફીસ લાયબ્રેરીના મેનેજરના પત્રો | ૧૫૪ |
| ૬ | વર્તમાન સમાચાર-અપૂર્વ દીક્ષા મહોત્સવ, આચાર્યદેવ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહા૦નો વિહાર અને મુંબઈ પ્રવેશ મહોત્સવ વગેરે | ૧૫૬ |
| ૭ | સ્વીકાર અને સમાલોચના | ૧૫૭ |
| ૮ | મુંબઇ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું ૧૯ મું અધિવેશન તથા સુવર્ણ જ્યુબીલી વગેરે | ૧૬૧ |
| ૯ | અમારા અનેકાંતવાદ ધર્મગ્રંથ માટે આવકાર | ૧૬૪ |
| ૧૦ | જેઠ શુદ ૮ ગુરુદેવ જયંતિ માટે સ્તુતિ | ૧૬૪ |


## " શ્રી કલ્પસૂત્ર-( સચિત્ર ) "

શ્રી કલ્પસૂત્ર એ આપણો મહાન પૂજ્ય ગ્રંથ છે. દર વર્ષ પવિત્ર પર્યુષણાપર્વમાં પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચે છે. શ્રદ્ધાપૂર્વક સાંભળનારા ભાઇઓ આરાધનાવડે થોડા વખતમાં મોક્ષગામી બને છે.

જ્યાં નાના મોટા ગામ-ગામડાઓમાં જ્યાં પૂજ્ય મુનિવરોના ચાતુર્માસ થતાં નથી, ત્યાંના જૈન બંધુઓને કલ્પસૂત્ર સાંભળવાની તક મળતી નથી, તેવા ગામોના કેટલાક જૈન બંધુઓ તરફથી અમોને સચિત્ર કલ્પસૂત્ર ( ટીકાના અનુવાદવાળું ) ગુજરાતી ભાષામાં સરલ ભાષાંતર કરાવી પ્રગટ કરવા સુચના ઘણા વખતથી થયા કરે છે, જો કે અત્યારે છાપકામ, ચિત્રકામ, કાગળો વગેરેની વધતી જતી સખ્ત મોંઘવારી છતાં શ્રી મહાવીર પ્રભુના જીવન પ્રસંગના રંગીન ફોટાઓ સાથે ઉંચા કાગળો, સુંદર ગુજરાતી ટાઇપમાં છપાવતાં શુમારે રૂા. ૬૦૦૦) છ હજાર રૂપીયા ખર્ચના થાય તેમ છે. ધનાઢ્ય જૈન બંધુઓએ આર્થીક સહાય આપી. આવા જ્ઞાનોદ્ધાર અને અનેક ગામડાઓમાં જ્યાં આ ગ્રંથ જશે ત્યાં ત્યાં પવિત્ર પર્યુષણપર્વમાં અનેક જૈન બંધુઓ બ્હેનો સાંભળી લાભ લેશે તેમજ પર્યુષણ કર્તવ્યો કરી આત્મકલ્યાણ સાધશે તેનો અનુમોદના વગેરે લાભ આર્થિક સહાય આપનારને વર્ષોનાવર્ષો સુધી મલશે.

એક હજાર કોપી છપાશે તેમાં અમારા લાઇફમેમ્બરને ધારા પ્રમાણે ભેટ આપતાં બાકીની તમામ કોપીઓ આર્થિક સહાય આપનારની સુચના અને જરૂરીયાત હશે ત્યાં સભા અમુક શરતે ભેટ મોકલશે.


લાભ લેવો હોય તેમણે આ સભાને પત્ર લખી જણાવવું.—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

477

આ સભાના માનવંતા પેટ્રન—



શેઠશ્રી ચીમનલાલભાઇ મગનલાલ—મુંબઇ

શ્રી મહોદય પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પૂણ્યપ્રભાવક, દાનવીર શેઠ ચિમનલાલભાઈ મગનલાલ શાહનું જીવનવૃત્તાંત.

ઉત્તર ગુજરાતમાં આવેલ પ્રાંતીજ શહેર વ્યાપારનું એક સારું મથક છે, જ્યાં અનેક મુનિ મહારાજોના આવાગમનથી વ્યાખ્યાન, શાસ્ત્રશ્રવણ અને ઉપદેશવડે જૈન સંસ્કારી કુટુંબો વસે છે, તેવા એક દેવ-ગુરુ ધર્મના ઉપાસક સંસ્કારી કુટુંબમાં પિતાશ્રી શેઠ મગનલાલભાઇ અને માતુશ્રી શ્રી ગજરાબાઈ-ની કુક્ષિમાં સં. ૧૯૬૮ ના કારતક શુદી ૨ ના રોજ શેઠશ્રી ચિમનલાલભાઇનો જન્મ થયો હતો. બે વર્ષની ઉમરે પિતાનો સ્વર્ગવાસ થયો હતો. લઘુવયમાં સામાન્ય શિક્ષણ મેળવી તેર વર્ષની વયે વ્યાવહારિક મહાકષ્ટમાંથી પસાર થઇ સાહસ કરી અમદાવાદ ધંધાર્થે ગયા. પ્રથમ તાંબા પીતળના વ્યાપારીને ત્યાં અનુભવ મેળવવા નોકરી સ્વીકારી ( કે જે વ્યાપારમાં ભાવિમાં ઉન્નતિ થવાની હતી. ) બે વર્ષ સુધી તે ધંધાનો અનુભવ મેળવી પૂર્વના પૂણ્યોદયે સં. ૧૯૮૫ની સાલમાં મુંબઈ વ્યાપારનો બ્હોળો અનુભવ મેળવવા આવ્યા અને ત્યાં ક્યાં રહેવું, સુવું વગેરે અનેક વિપત્તિઓની વચ્ચે તે સર્વને સહનશીલ-પણે આનંદપૂર્વક સહન કરી તેજ વ્યાપારમાં નોકરી સ્વીકારી. આઠ વર્ષ સુધી તે વ્યાપારનો પૂર્ણ અનુભવ મેળવી. સં. ૧૯૯૧ ની સાલમાં મુંબઈમાં જરમન સિલવરની દુકાન સ્વતંત્ર કરી. ( અહિં પૂર્વના પૂણ્ય અને ધર્મશ્રદ્ધાવડે ભાગ્યોદયની શરૂઆત થઇ. ) અને તે વ્યાપારમાં શરૂથી જ પ્રમાણિકપણે ધંધો શરૂ કરતાં થોડા વખતમાં પ્રતિષ્ઠા સાથે આર્થિક લાભ પણ સારો મેળવ્યો. જેમ જેમ વ્યાપાર અને સંપત્તિ વધતી ગઈ તેમ તેમ શ્રી ચિમનલાલભાઇની ધાર્મિક ભાવના પણ સાથે વધતી ચાલી, અને વર્ધમાન તપ, શ્રી નવપદની ઓળી, પાંચ તિથિએ ઉપવાસ, આયંબીલ, એકાસણા વગેરે ધાર્મિકક્રિયાઓ વારંવાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવા સાથે નિરંતર દેવ, ગુરુ અને સાધર્મિક ભક્તિ આદિ ધર્મપ્રવૃત્તિઓ પણ વધવા લાગી અને મળેલી સુકૃતની લક્ષ્મીનો આત્મકલ્યાણ માટે અનેક ધાર્મિક ખાતાઓમાં ઉદારતાપૂર્વક સદ્‌વ્યય કરવાની ભાવના જાગી.

રૂા. ૨૧૦૧) પોતાની જ્ઞાતિની લાઈબ્રેરી માટે.

રૂા. ૧૦૦૧) મુંબઈ જીવદયા મંડળીમાં આપી પેટ્રન થયા.

રૂા. ૫૦૧) મુંબઇ વર્ધમાન તપ ખાતામાં

રૂા. ૫૦૧) સેરીસા તીર્થમાં ભોજનશાળામાં.

રૂા. ૫૦૧) પાટણ શ્રી ભુવનવિજયજી પાઠશાળામાં.

રૂા. ૨૫૧) પાલીતાણા શ્રાવિકાશ્રમ.

રૂા. ૨૫૧) શ્રીબુદ્ધિસાગરસૂરિજ્ઞાન પ્રચારક મંડળને.

રૂા. ૨૫૧) બોડેલી પરમાર જૈન છાત્રાલયો

રૂા. ૨૫૧) ઇડર જૈન ભોજનશાળા.

રૂા. ૧૫૧) તારંગાજી ભોજનશાળા.

રૂા. ૫૦૧) શ્રી જૈન આત્માનંદ સભા–પેટ્રન માટે.

ઉપરાંત તેઓશ્રી જ્યાં જાય છે ત્યાં અથવા તેમની પાસે આવનારને પણ ઉદારતાપૂર્વક આપે છે, શેઠશ્રી ચિમનલાલભાઈ માયાળુ, મિલનસાર, ભદ્રિક છે અને સહનશીલતા અજબ ધરાવે છે. શેઠશ્રી ચિમનલાલભાઈએ આ સભાની કાર્યવાહી જાણી આ સભાનું માનવંતુ પેટ્રનપદ સ્વીકાર્યું તે માટે આભાર માનીએ છીએ. આવા પૂણ્યશાળી પુરુષના જીવનમાં અનુકરણ કરવા જેવું હોય જ, તેમ ધારી તેઓશ્રી પાસે જીવનવૃત્તાંત મંગાવતાં તેઓએ પ્રથમ આનાકાની કરી પરંતુ ઘણા આગ્રહવડે જીવનપરિચયની હકીકત મોકલી તેથી તેઓના નિરભિમાનપણા માટે પણ માન ઉત્પન્ન થાય છે. છેવટ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ કે શેઠ શ્રી ચિમનલાલભાઇ દીર્ઘાયુ થઈ આધ્યાત્મિક, આર્થિક અને શારીરિક સંપત્તિ વિશેષ વિશેષપણે મેળવી આત્મકલ્યાણ સાધે.

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૮. જ્યેષ્ટ પુસ્તક ૪૯ મું.

વિક્રમ સં. ૨૦૦૮. :: તા. ૧૫ મી જુન ૧૯૫૨ :: અંક ૧૧ મો.

## સામાન્ય જિન સ્તવન.

( રાગ-ઘર આયા તેરે પરદેશી. ફિલ્મ-આવારા )

જિનરાયા મેરે દિલ ભાયા, શીતલ હૈ જિનકી છાયા,
તું શિરતાજ હમેશ હૈ, નિશદિન ધ્યાન તુમેરા હૈ;
જાલ બુઝાદો ભવવનકી. જિનરાયા૦ ૧

પ્રભુ ગુણકો ભવિજન ગાના, માનવભવકા ફલ પાના;
શીખ માનો મેરી યે હિતકી. જિનરાયા૦ ૨

શ્રી જિનવરમેં દિલ લાના, વીતરાગકો ખૂબ ધ્યાના;
સાચી રીત હૈ યે ગીતકી. જિનરાયા૦ ૩

પ્રભુ જપકી જપલે માલા, મોહ મારણકો યે ભાલા;
બાજે બધાઈ તુમ જીતકી. જિનરાયા૦ ૪

પ્રભુ મુજ છોડકે મત જાના, મેરે કર્મ છોડા જાના;
અરજી **લબ્ધિ** તનમનકી. જિનરાયા૦ ૪

પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બોધશતક.

**પૂ. આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.**

ડાહ્યા માણસોએ–અવિવેક, ગર્વની ગરમી, નિર્દયમાનસ અને કાર્ય–અકાર્યમાં મૂર્ખતા, દ્રવ્યનું અજીર્ણ કહ્યું છે. ૨૪

આશ્ચર્યની વાત છે કે–મૂર્ખ માણસો અપવિત્ર શરીરમાંથી દુર્ગંધ દૂર કરવાને માટે શરીરમાં સુગંધી તેલ ચોપડવાનો વૃથા પ્રયત્ન કરે છે ૨૫

ઇર્ષ્યાની અગ્નિથી બળેલી હૃદય ભૂમિમાં સુખના અંકૂરા ફૂટી શકતા નથી, કારણ કે બીજાના સુખથી તેવી ભૂમિમાં દ્વેષની જ્વાળાઓ સળગતી જ રહે છે. ૨૬

જે બીજાનું ઘણું સુખ જોઇને અસહિષ્ણુતાથી બળતો કયાંય પણ શાંતિ મેળવતો નથી તે દુઃખી જીવનમાં જીવે છે. ૨૭

ઇર્ષ્યા, દ્વેષ તથા વિરોધના જે ઉપાસક હોય છે તેમને સ્વયંવરા દુર્ગતિ પ્રીતિથી હમેશાં બોલાવે છે. ૨૮

અહો ! સંસારમાં મિથ્યાભિમાનીઓની કેટલી મૂર્ખતા છે કે પોતે ગુણ વગરના હોવા છતાં પણ નિરંતર સન્માન-મોટાઇ તથા યશની ઇચ્છા રાખે છે. ૨૯

અહો ! જગતમાં જીવોની કેટલી મૂર્ખતા છે કે તેઓ હમેશાં ધન–સંપત્તિ, યશ-કીર્તિ તથા આદર–સત્કારમાં બીજાને પોતાનાથી વધેલા જોવા ઇચ્છતા નથી. ૩૦

બધાયને નમાવવાની, બધાયના સ્વામી બનવાની, તથા બીજાને પોતાના સેવક બનાવી પોતાની આજ્ઞા પળાવવાની ઇચ્છા જગતમાં કોઇક જ પુન્યશાળી ઉત્તમ પુરુષને નહિ હશે. બાકી તો પ્રાયઃ વર્તમાન જગત વર્તમાન દેહ તથા નામને જ સર્વોપરી કહેવડાવવા તનતોડ પ્રયત્ન કરી રહ્યું છે. અને તેથી કરીને વિદ્વાન, દાતા, જ્ઞાની, પ્રભાવશાળી, સમર્થ ઇત્યાદિ પ્રશંસાના વચનો સાંભળવા નિરંતર આતુર બની રહ્યું છે તેમજ સાંભળીને પરમાનંદ અનુભવી રહ્યું છે. ૩૧–૩૨

પ્રમાદી ગુણહીન માણસો કયારેય ગુણ મેળવવાને ઇચ્છતા નથી પરંતુ ગુણીઓમાં ગણાવાને ચહાય છે. ૩૩

જો હિંસક વૃત્તિથી સુખ મળતું હોય તો પછી દુઃખ જેવી કોઇ વસ્તુ જ નથી તેમજ મોતનો ભય પણ હોઇ શકતો નથી. ૩૪

જ્યાં વીતરાગ સ્થિતિ હોય છે ત્યાં હિંસક જીવો પોતાની ઘાતકવૃત્તિ છોડી દઇને સરળ તથા અહિંસક વૃત્તિવાળા થાય છે. ૩૫

સુખના અન્તે પ્રાણીઓએ સદા આત્માવલંબી બનીને અધમ દાસવૃત્તિ( પરાધીનતા )નો ત્યાગ કરવો જોઇએ. ૩૬

જેઓ પાણી પીવાને પણ હમેશાં બીજાના મોં સામે તાકવાવાળા હોય છે તેવા સર્વથા નિર્માલ્ય પરાધીન માણસો જગતમાં સ્વપરનું શું હિત કરવાના હતા ? ૩૭

જગતમાં મૂર્ખ શ્રીમંતોની પ્રવૃત્તિ આશ્ચર્યકારી દેખાય છે, કારણ કે તેમને કાન–આંખ–જીભ હોવા છતાં પણ ધનમદથી બ્હેરા–આંધળા તથા મુંગાનું અનુકરણ કરે છે. ૩૮

આંખો સારી સ્વચ્છ હોવા છતાં પણ ચસ્મા પહેરે છે અને ચાલવાને શક્તિવાળા પગ હોવા છતાં પણ વાહન વગર દુકાન સુધી પણ જઇ શકતા નથી. ૩૯



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સિદ્ધસેન દિવાકરની કૃતિઓ.

## અભ્યાસ માટેના સાધનો.

( લેખક:—પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિઆ એમ. એ. )

( ગતાંક પૃષ્ઠ ૧૨૯ થી શરૂ )

વ્યાખ્યાનિક **સિદ્ધ** યાને **સિદ્ધર્ષિ**એ **ન્યાયાવતાર** ઉપર મનોહર ટીકા રચી છે. આ ટીકા સહિત મૂળ "હેમચન્દ્ર સભા" ( પાટણ ) તરફથી ઇ. સ. ૧૯૧૭ માં છપાવાયું છે. આ ટીકા ઉપર **દેવભદ્ર**નું ટિપ્પણુ છે. મૂળ તેમજ **સિદ્ધર્ષિ**કૃત ટીકા તેમજ આ ટિપ્પણુ એક પુસ્તકરૂપે ઇ. સ. ૧૯૨૮ માં "શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ" તરફથી છપાયેલ છે. એના સંપાદક ડો. પી. એલ. વૈદ્યે અંગ્રેજીમાં પ્રસ્તાવના અને ટિપ્પણો લખ્યાં છે. આ સંપાદન નોંધપાત્ર છે, મૂળ, એના હિંદી અનુવાદ તેમજ **સિદ્ધર્ષિ**કૃત ટીકાના હિન્દી અનુવાદ સહિત "રાયચન્દ્ર જૈન શાસ્ત્રમાલા ગ્રંથાંક ૨૦" તરીકે "પરમ શ્રુત-પ્રભાવક મંડળ" તરફથી ઇ. સ. ૧૯૫૦ માં છપાવાયું છે તે ઠીક થયું છે. આથી **સિદ્ધર્ષિ**ની ટીકાના પઠન-પાઠનને વેગ મળશે.

આગમોદ્ધારકે **ન્યાયાવતાર** ઉપર **દીપિકા** નામની સંસ્કૃતમાં ૩૦૦૦ શ્લોક જેવડી વિ. સં. ૧૯૬૦ ની આસપાસમાં [1]વૃત્તિ રચી છે, એ અપ્રસિદ્ધ છે.

**ન્યાયાવતાર** ગુજરાતી અનુવાદ અને વિશિષ્ટ વિવેચન સહિત "જૈન સાહિત્યસંશોધક" ( ખંડ ૩, અં. ૧ )માં છપાયેલ છે. એની પ્રશંસા જિનવિજયજીએ કરી છે. વિશેષમાં આ પુસ્તિકારૂપે પણ સ્વતંત્ર પ્રકાશિત કરાયેલ છે. ગુજરાતી જનતા

[1] જુઓ **પ્રશમરતિ અને સંબંધકારિકાની** મારી "ઉત્થાનિકા" ( પૃ. ૫ ).

---

જો કોઇ દુઃખી માણસો તેમની પાસે આવીને યાચના કરે છે તો તેમને ધનના ગર્વથી ગાળો દઇને ગળચી પકડીને ધક્કા મારી બહાર કાઢી મૂકે છે. ૪૦

જગતમાં ગરીબ માણસો કરતાં શ્રીમંતોને ક્ષુધા વ્યાધિ વધુ પ્રમાણમાં હોવાથી ઘણો જ હેરાન કરે છે. કિંમતી ઔષધી( ખોરાક )નો દિવસ-રાત્રીમાં ઉપચાર કરવા છતાં કેમેય શાંત થતો નથી પણ વધતો જ જાય છે. ત્યારે ગરીબનો એક જ વખત સાધારણ ખોરાક વાપરવાથી શાંત થઇ જાય છે. ૪૧

લક્ષ્મીનો લાભ મળ્યા પછી ગર્વાધીન બનીને પોતાની પાછળની સ્થિતિ-ભોગવેલી અવસ્થાને ભૂલી જનારમાંથી બુદ્ધિ નષ્ટ થઇ જાય છે. ૪૨

જેઓ સારાં સારાં વસ્ત્રો તથા ઘરેણાં પહેરે છે તે બીજાના આનંદની ખાતર જ હોય છે અને તેથા કરીને જ જો કોઇ વસ્ત્રાદિના વખાણ કરે તો તે રાજી થાય છે અને વખોડે તો દિલગીર થાય છે. ૪૩

બીજાની નિંદા કરનાર દુર્જન કહેવાય છે માટે ગુણવાન સજ્જન પુરુષે બીજાની નિંદા કરવી છોડી દઇને પોતાની સજ્જનતાનું રક્ષણ કરવું જોઇએ. ૪૪

દુનિયામાં કોઇ પણ બીજાની પાસે ન્યાય માગતું નથી, છતાં દુર્જનો બીજાને અવગુણી તથા અપરાધી બનાવીને વખોડે છે. ૪૫

જેઓ પોતાના માટે ન્યાયી બનતા નથી પણ બીજાના માટે ન્યાય ચુકવવા હમેશાં તૈયાર રહે છે એવા દુર્જન માણસો કાંટાવાળી જમીનની જેમ ડગલે ને પગલે દુઃખ આપનારા હોય છે. ૪૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે **ન્યાયાવતાર**ના અભ્યાસ માટે આ સબળ સાધન છે.

**ન્યાયાવતાર**નું નવમું પદ્ય **રત્નકરંડ શ્રાવકાચાર**માં જોવાય છે. આ દિગંબર કૃતિના કર્તા તરીકે **સમંતભદ્ર**નું નામ કેટલોક સમય થયા રજૂ થતું હતું, અને એના આધારે કોઈ કોઈ વિદ્વાન્ **સિદ્ધસેનને સમંતભદ્ર** પછી થયાનું કહેતા હતા, પરંતુ પ્રો. **હીરાલાલ જૈને** "અનેકાન્ત" (વ. ૮ કિ. ૧–૩) માં **રત્નકરંડ સમંતભદ્ર**ની કૃતિ નથી એમ પ્રતિપાદન કર્યું છે અને તે ઉચિત જણાય છે એટલે હવે આમ પદ્યની સમાનતા ઉપરથી જ **સિદ્ધસેનને સમંતભદ્ર**ના ઉત્તરવર્તી માનવા માટે આધાર રહેતો નથી.

'વાદિવેતાલ' **શાંતિસૂરિ**એ **ન્યાયાવતાર**ને દિવાકરકૃત કહેલ છે, એમની પૂર્વે કોઈએ આ કૃતિને **સિદ્ધસેન**ની કહી છે ખરી? **સિદ્ધર્ષિ**એ **ન્યાયાવતાર** ઉપર ટીકા રચી છે, છતાં એના કર્તા વિષે કશો ઉલ્લેખ કર્યો નથી. આવી પરિસ્થિતિમાં કોઈ કોઈ આ **ન્યાયાવતાર**ને **સિદ્ધસેન** દિવાકરની કૃતિ હોવા વિષે શંકા ઉઠાવે છે, પરંતુ જ્યાંસુધી આ એમની કૃતિ નથી એવું સબળ પ્રમાણવડે સિદ્ધ ન થાય ત્યાંસુધી પરંપરાગત માન્યતાને જતી કેમ કરાય?

**ન્યાયાવતાર**માં ૩૨ પદ્યો છે. એથી એને કેટલાક 'દ્વાત્રિંશિકા' કહે છે. આવી રચના જૈન ન્યાયના અભ્યાસ માટે અનુકૂળ છે. **સમ્મઇ–પયરણ**ને બાજુએ રાખતાં એમ કહી શકાય કે જૈન ન્યાયની વ્યવસ્થિત કૃતિઓમાં આ પ્રાચીનતાદિની અપેક્ષાએ સૌથી પ્રથમ છે. એની શરૂઆત પ્રમાણની ચર્ચાથી કરાઈ છે અને અંતમાં પરાર્થાનુમાનની જ ચર્ચા લંબાવાઈ છે. એમાં ન્યાય સાથે સંબંધ ધરાવનાર પક્ષ, સાધ્ય, હેતુ, દૃષ્ટાંત, હેત્વાભાસ ઇત્યાદિનાં લક્ષણો નજરે પડે છે. અંતમાં નયવાદ અને અનેકાંતવાદ વચ્ચે શો તફાવત છે એ સ્પષ્ટપણે દર્શાવાયું છે.[1] પ્રમાણ, પ્રમિતિ, પ્રમાતા અને પ્રમેયનો સંક્ષેપમાં પરંતુ સચોટ રીતે બોધ ધરાવનારી આ કૃતિ અનેક સ્થળેથી પ્રકાશિત થઈ છે. દા. ત. ૨૧ દ્વાત્રિંશિકાઓ અને **સમ્મઇ–પયરણ** સહિત આ કૃતિ મૂળ સ્વરૂપે "જૈન ધર્મ પ્રસારક સભા" તરફથી ઇ. સ. ૧૯૦૯ માં છપાવાઈ છે. એ પૂર્વે આ કૃતિ સંસ્કૃત ટીકા તેમજ ડૉ. **સતીશચન્દ્ર** વિદ્યાભૂષણના અંગ્રેજી અનુવાદ સહિત કલકત્તાથી ઇ. સ. ૧૯૦૮ માં પ્રસિદ્ધ કરાઈ હતી.

અહીં એ ઉમેરીશ કે પૂજ્યપાદ ઊર્ફે દેવનંદિની **તત્ત્વાર્થસૂત્ર** (અ. ૭, સૂ. ૧૩) ઉપરની ટીકા નામે **સર્વાર્થસિદ્ધિમાં સિદ્ધસેન** દિવાકરની ત્રીજી દ્વાત્રિંશિકાનું સોળમું પદ્ય ઉદ્ધૃત કરાયું છે એથી આ **સિદ્ધસેન** એમના કરતાં પૂર્વવર્તી ઠરે છે. પૂજ્યપાદનો સમય **વિક્રમ**ની પાંચમી સદીના ઉત્તરાર્ધથી છઠ્ઠીના પૂર્વાર્ધ સુધીનો મનાય છે. એ જોતાં **સિદ્ધસેન**નો સમય **વિક્રમ**ની પાંચમી સદી જેટલો તો પ્રાચીન માનવો પડે.[2]

**ન્યાયાવતાર**ના આદ્ય પદ્યને અનુલક્ષીને ચાર પરિચ્છેદમાં વિભક્ત ૫૭ પદ્યનું વાર્તિક રચાયું છે અને એમાં આ આદ્ય પદ્ય તરીકે ગૂંથી લેવાયું છે આ વાર્તિક ઉપર **શાંતિસૂરિ**ની ટીકા છે. એનું નામ **વિચારકલિકા** છે. ઇ. સ. ૧૯૧૭ માં બનારસથી પ્રકાશિત "પંડિત" નામના માસિકમાં વાર્તિકનો **વિચારકલિકામાં** સમાવેશ કરી–ફક્ત એના પ્રતીકો આપી **વિચારકલિકા** પ્રસિદ્ધ કરાઈ હતી. આમાં અનેક પ્રકારની અશુદ્ધિઓ રહેવા પામી છે.

૧ જૈન દૃષ્ટિએ પ્રમાણનું નિરૂપણ કરતી વેળા નયોનું અને કોઈ કોઈ વાર નિક્ષેપોનું પણ નિરૂપણ કરાય છે. આ જૈન ન્યાયની વિશિષ્ટતા છે.

૨ "ભારતીય વિદ્યા" (વ. ૩, પૃ. ૧૫૨–૧૫૪) માં "શ્રી સિદ્ધસેન દિવાકરના સમયનો પ્રશ્ન" એ નામનો પં. સુખલાલનો લેખ છપાયો છે અને તેમણે આ મત ઉચ્ચાર્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ આનું નવું સંસ્કરણ રજૂ કરનાર પં. દલસુખ માલવણિયાનું કહેવું છે. આ નવીન સંસ્કરણમાં **ન્યાયાવતાર**, અને એના ઉપરનું વાર્તિક પં. દલસુખના મંતવ્ય[1] મુજબ **વિચારકલિકાના** જ કર્તાએ રચેલું વાર્તિક આપી ગ્રંથનો પ્રારંભ કરાયો છે. શરૂઆતમાં **૧૫૧** પૃષ્ઠ જેવડી વિસ્તૃત અને વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના હિંદીમાં છે, એવી રીતે અંતમાં હિંદીમાં પુષ્કળ ટિપ્પણો છે, તેર પરિશિષ્ટોથી આ સંસ્કરણ અલંકૃત છે.

શ્વેતાંબરોમાં આદ્ય વૈયાકરણ તરીકે સુપ્રસિદ્ધ બુદ્ધિસાગરના સહોદર અને ગુરુબંધુ **જિનેશ્વરે** પણ ઉપર્યુક્ત આદ્ય પદ્યને અનુલક્ષીને **શ્લોકવાર્તિક** રચ્યું છે અને એના ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ રચી એને સમૃદ્ધ બનાવ્યું છે.[2]

આ પ્રમાણે **ન્યાયાવતાર**ના અભ્યાસ માટે સંસ્કૃત, ગુજરાતી, હિંદી અને અંગ્રેજીમાં ઓછેવત્તે અંશે સાધન છે. **ન્યાયાવતાર**ના ગુજરાતી અનુવાદ અને વિવેચનપૂર્વકની આવૃત્તિની પુનરાવૃત્તિ થવી જોઈએ. એ તમામ લખાણ હિંદી અને અંગ્રેજીમાં રજૂ થાય તો **ન્યાયાવતાર**નું મૂલ્ય આપણે ત્યાં તેમજ યુરોપાદિમાં વિશેષતઃ સારી રીતે અંકાય.

[ ૪ ]

જેમ દિગંબર સમાજમાં **આપ્તમીમાંસા**ના પ્રણેતા **સમંતભદ્ર** 'આદ્યસ્તુતિકાર' ગણાય છે તેમ **સિદ્ધસેન** દિવાકર શ્વેતાંબર સમાજમાં અને **સમંતભદ્ર**ના એઓ પુરોગામી છે, એ મત સ્વીકારાતાં તો, સમગ્ર જૈન જગતમાં 'આદ્યસ્તુતિકાર' છે. આ સમયજ્ઞ પ્રભાવકસૂરિની બહુમુખી પ્રતિભાનાં દર્શન આપણને એમની બત્રીસીઓમાં થાય છે. આની બત્રીસની સંખ્યા જે મનાય છે તે આધારે એમની આ રચના **દ્વાત્રિંશદ્‌-દ્વાત્રિંશિકા** તરીકે ઓળખાવાય છે. 'કલિકાલસર્વજ્ઞ' **હેમચન્દ્રસૂરિએ** **અન્યયોગવ્યવચ્છેદ-દ્વાત્રિંશિકા** અને **અયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા** રચી છે. આ બેને કેટલાક આ સૂરિએ રચેલી કે રચવા ધારેલી **દ્વાત્રિંશદ્‌-દ્વાત્રિંશિકા**ના બે અંશરૂપ ગણે છે. એમના શિષ્ય **રામચન્દ્રસૂરિ**ને નામે [1]કેટલીક દ્વાત્રિંશિકાઓ છપાયેલી છે, પણ એ ઉપરાંત બીજી બત્રીસીઓ પણ રચી બત્રીસની સંખ્યા એમણે પૂર્ણ કરી હતી કે કેમ તે જાણવું બાકી રહે છે. ન્યાયાચાર્ય **યશોવિજયગણિએ** **દ્વાત્રિંશદ્‌-દ્વાત્રિંશિકા** રચી છે અને એ ટીકા સહિત "જૈનધર્મ પ્રસારક સભા" તરફથી વિ. સં. ૧૯૬૬ માં પ્રસિદ્ધ થઈ છે. **જૈન ગ્રંથાવલી** (પૃ. ૧૮૦) માં **દ્વાત્રિંશદ્‌-દ્વાત્રિંશિકા**નો ઉલ્લેખ છે તે કોની કૃતિ છે? આગ્રાના એક ભંડારમાં **દ્વાત્રિંશિકા-સંગ્રહ** છે તેમાં કઈ કઈ દ્વાત્રિંશિકા છે અને તેના રચનાર કોણ છે? આ બાબત તપાસ થવી ઘટે.

**ન્યાયાવતાર** ઉપરાંત ૨૧ બત્રીસીઓ જે **સિદ્ધસેન** દિવાકરની રચેલી મનાય છે તે છપાઈ છે, પરંતુ એમાં કેટલેક સ્થળે અશુદ્ધિઓ રહેવા પામી છે. એટલે એ વિશેષતઃ દુર્બોધ બની છે. આ અશુદ્ધિઓને ઓછેવત્તે અંશે દૂર કરવાનું એક સાધન તે એની અન્ય હાથપોથીઓનો ઉપયોગ કરવો એ છે.

અહીંના (સુરતના) જૈનાનંદ પુસ્તકાલયમાં એની એક હાથપોથી છે. વળી ભાંડારકર પ્રાચ્ય વિદ્યા સંશોધન મંદિરમાં એના ત્રણ હાથપોથીઓ છે. આ ઉપરાંત છાણી વગેરેમાં પણ હાથપોથી છે. અશુદ્ધિઓના પરિમાર્જનનું બીજું સાધન તે **દ્વાત્રિંશદ્‌-દ્વાત્રિંશિકા**માંથી જે જે કૃતિમાં અવ-

૧ આ સંબંધમાં મેં, "શાંતિનાયકસૂરિ"એ નામના મારા લેખના બીજા હપ્તા (પૃ. ૧૦૯-૧૧૦) માં વિચારી છે. આ બીજો હપ્તો જૈન સત્ય પ્રકાશ (વ. ૧૫, અં. ૫) માં છપાયો છે. પહેલો હપ્તો અં. ૪ માં છપાયો છે.

૨ આમ **ન્યાયાવતાર** (શ્લો. ૧) ઉપર બે વાર્તિક છે અને બંને પર એકેક ટીકા છે.

૧ સાત દ્વાત્રિંશિકાઓની નોંધ મેં **શ્રીસીમંધરસ્વામિ-શોભાતરંગ**ના "પરિચય"માં લીધી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રીમદ્ દેવચંદ્રજીકૃત વીશ વિહરમાન સ્તવન મધ્યે

# પંચદશમ્ શ્રી ઇશ્વરદેવ જિન સ્તવન.

## સ્પષ્ટાર્થ સાથે.

( સં. ડાકટર વલભદાસ નેણસીભાઇ–મોરબી. )

**સેવો ઇશ્વર દેવ, જીણે ઇશ્વરતા હો,**
**નિજ અદ્‌ભૂત વરી;**
**ભરે ભાવની શક્તિ આવિર્ભાવે હો,**
**સહુ પ્રગટ કરી. ॥ ૧ ॥**

**સ્પષ્ટાર્થ:**—મહાવિદેહમાં વિહરમાન હે શ્રી ઇશ્વરદેવ! આપે ત્રણ જગતને આશ્ચર્ય અને પરમાનંદ પમાડે એવી ઇશ્વરતા પ્રગટ–સંપ્રાપ્ત કરી છે. તે ઇશ્વરતા કેવી છે–પોતાના શુદ્ધ ગુણ પર્યાયોમાં વર્તે છે તેથી પૂર્ણ પવિત્ર સ્વાધીન તથા અવિનશ્વર છે. પરદ્રવ્યના રાગથી રહિત હોવાથી રાગ–દ્વેષ, ભય તથા કામનાથી રહિત છે માટે અત્યંત સુખ સમૂહરૂપ છે. પરમાનંદમય છે.

અનાદિ વિભાવને લીધે આત્મા રાગ દ્વેષરૂપ અશુદ્ધભાવે પરિણમી જ્ઞાનાવરણાદિ અનેક પ્રકારના

---

તરણો અપાયાં છે તે એકત્રિત કરી તેનો લાભ લેવો એ છે.[1]

**સિદ્ધસેન** દિવાકરની એકવીસ બત્રીસીઓ જેવી છપાઇ છે તેવી પણ જોઇ જતાં એમ ભાસે છે કે એ એમના **સમ્મઈ–પયરણ** કરતાં ચડિયાતી છે. આ વાતને તેમજ એ [2]બત્રીસીઓમાંથી અપાયેલાં અવતરણો તેમજ હેમચન્દ્રસૂરિ જેવાના એને અંગેના પ્રશંસાત્મક ઉદ્દગારો વિચારતાં એ બાબત નવાઇ જેવી લાગે છે કે કોઈ ધુરંધર મુનિવરે આની ટીકા રચેલી જણાતી નથી. હા, એ વાત ખરી છે કે ૨૧ મી દ્વાત્રિંશિકા ઉપર સોળમી સદીના આંચલિક ઉદયસાગરસૂરિની ટીકા છે અને એ છપાવેલી છે. આ દ્વાત્રિંશિકા બીજી વીસ દ્વાત્રિંશિકાઓને મુકાબલે ભાષા, રચના અને વસ્તુની બાબતમાં ઉતરતી જણાય છે. આથી કેટલાક એને અન્ય કોઇ **સિદ્ધસેનની** કૃતિ માનવા અને કોઇક કારણસર એમની બીજી બત્રીસીઓની સાથે જોડાઇ ગઇ છે એમ કહેવા પ્રેરાયા છે. મને તો એમ લાગે છે કે–કોઇપણ ગ્રંથકારની બધી જ કૃતિઓ એકસરખી તેજસ્વી ભાગ્યેજ હોઇ શકે. એમાં વય, વિષય, અનુભવ, રૂચિ, પરિસ્થિતિ ઇત્યાદિ અનેક કારણો રહેલાં છે. ડો. ટાગોર જેવાનાં પણ બધાં કાવ્યો ક્યાં એકસરખી કોટિનાં છે? આથી એમ કેમ ન બન્યું હોય કે **સિદ્ધસેન** દિવાકર ઊગતા કવિ હશે ત્યારની એમની આ કૃતિ હોય? આ તો **સિદ્ધસેનની** જ રચેલી આ બત્રીસી હોય તો તે એની બીજી કૃતિઓથી જુદી તરી આવતી હોવા છતાં એ ઘટના કેવી રીતે સુસંગત હોઇ શકે એને અંગેની મારી એક કલ્પના છે.

---

૧ આ કાર્ય અંશતઃ મેં કર્યું છે. જુઓ મારો લેખ નામે “સિદ્ધસેનીય દ્વાત્રિંશિકાઓમાંથી અવતરણો” આ લેખ હવે પછી છપાવાનો છે.

૨ “**क्व सिद्धसेनस्तुतयो महार्था?।**
**अशिक्षितालापकला क्व चैषा?।**
**तथापि यूथाधिपतेः पथस्थः**
**स्खलद्गतिस्तस्य शिशुर्न शोच्यः ॥३॥**”
—**અયોગવ્યવચ્છેદ–દ્વાત્રિંશિકા**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મબંધનવડે પોતાની જ્ઞાનાદિ અનંત વિશેષ શક્તિઓને આચ્છાદિત કરે છે. પોતાના સ્વાભાવિક પરમાનંદથી વિમુખ રહે છે, પણ હે પરમેશ્વર ! આપે પોતાના આત્માનું તથા પુદ્ગલાદિ પરદ્રવ્યનું સ્વરૂપ યથાર્થ ઓલખી, પોતાના સ્વરૂપને સુખનિધાન જાણી, તેના રસિયા થઇ સમ્યક્ પરાક્રમ આદરી, પરકર્તૃત્તા, પરભોકતૃતા, પરગ્રાહકતા, પરવ્યાપકતા, પરરમણતા વિગેરે અનંત વિભાવનો પરિત્યાગ કરી, શુકલધ્યાનના તીવ્ર અગ્નિવડે જ્ઞાનાવરણાદિ, કર્મમલને ભસ્મીભૂત કરી શુદ્ધ સુવર્ણ સમાન પરમ પ્રકાશમાન અનંત પરમાનંદમય પોતાની જ્ઞાનાદિ સર્વ શક્તિઓ " આવિર્ભાવે પ્રગટ કરી " પ્રગટ–નિરાવરણ, સ્વકાર્યપ્રયુક્ત કરી રાગદ્વેષ, મોહ વિગેરેનો નાશ કરી; સર્વ દૂષણ રહિત સ્વસત્તામાં વિરાજમાન રહી પોતાના જ્ઞાનાદિ શુદ્ધ અનંત ગુણોની ઇશ્વરતા નિષ્કંટકપણે ભોગવો છો, તેથી હે પરમેશ્વર ! આપમાં સાચી ઇશ્વરતા જોઇ પરમ આલ્હાદિત થઇ પવિત્ર વિનય યુક્ત આપની દ્રવ્યભાવથી સેવા કરીયે.

**દ્રવ્ય ભાવ સેવાનું સ્વરૂપ—** " દ્રવ્ય સેવ વંદન નમનાદિક, અર્ચન વળી ગુણ ગ્રામોજી; ભાવ અભેદ થવાની ઇહા, પરભાવે નિઃકામોજી. "

**અર્થ—** સર્વ પરભાવની કામના રહિત જિનેશ્વરના પવિત્ર ગુણોમાં બહુ સન્માન ધરી તે સમાન પવિત્ર ગુણો પ્રગટ કરી અરિહંત સમાન પોતાનું પરમાત્મપદ સાધવું તે ભાવ સેવા છે. તથા તે ભાવસેવાના કારણરૂપ ભાવ સેવાને પ્રશસ્ત, પરમપૂજ્ય શ્રી જિનેશ્વરના પવિત્ર ગુણોનું સ્મરણ તથા તે જિનેશ્વરની પરમ પવિત્ર જ્ઞાનમૂર્તિને વંદન–નમનાદિ કરવું તે દ્રવ્ય સેવા છે.

**અસ્તિત્વાદિક ધર્મ, નિરમલ ભાવે હો**
**સહુને સર્વદા;**
**નિત્યત્વાદિ સ્વભાવ, તે પરિણામી હો**
**જડ ચેતન સદા ॥ ૨ ॥**

**સ્પષ્ટાર્થ:–** અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરૂલઘુત્વ, તથા સત્વ એ છ મૂલ સામાન્ય સ્વભાવ. સર્વે દ્રવ્યમાં સદાકાલ નિરાવરણપણે વર્તે છે તથા સર્વે જડ તથા ચેતન દ્રવ્યો નિત્યત્વાદિ સ્વભાવે નિરંતર પરિણમે છે; માટે એ સામાન્ય સ્વભાવની નિરાવરણતાવડે તથા સાધારણ ધર્મના પરિણામવડે તો હે ઇશ્વર દેવ ! આપને પરમેશ્વરપણાની પદવી પ્રાપ્ત થઇ શકે નહિ. પણ— ૨.

**કર્તા, ભોક્તા ભાવ, કારક ગ્રાહક હો**
**જ્ઞાન ચારિત્રતા;**
**ગુણ પર્યાય અનંત પામ્યા તુમચા હો**
**પૂર્ણ પવિત્રતા ॥ ૩ ॥**

**સ્પષ્ટાર્થ:—** કર્તાપણું, ભોક્તાપણું, કારકપણું, ગ્રાહકપણું, જ્ઞાન, ચારિત્ર વિગેરે અનંત ગુણ પર્યાય તે પૂર્ણ પવિત્ર થયા છે. સદાકાલ પૂર્ણ પવિત્રપણે વર્તે છે. એ કારણ માટે આપમાં પરમેશ્વર પદની પ્રતીત થાય છે. અનાદિ અજ્ઞાનવશે જીવ પરભાવનો કર્તા બને છે અર્થાત્ મેં ઘર બનાવ્યું, મેં નગર બનાવ્યું, મેં અમુક પદાર્થને સુવર્ણ બનાવ્યો. અમુક પદાર્થને સુગંધ બનાવ્યો. અમુક પદાર્થને સરસ રસવાળો બનાવ્યો, અમુક પદાર્થને મનોહર સ્પર્શવાળો બનાવ્યો, વિગેરે પરભાવના કર્તાપણાના અભિમાનવડે જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા બને છે. એમ દ્રવ્યકર્મનોકર્માદિકનો કર્તા બની પોતાના શુદ્ધ જ્ઞાનાદિ પરિણામે પરિણમવારૂપ શુદ્ધ કર્તાપણાથી વિમુખ રહે છે. પણ જ્યારે સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય; તત્વરુચિ થાય; ત્યારે પરભાવના કર્તાપણાને તજી સ્વાભાવિક કાર્યમાં પોતાની શક્તિને જોડે, શુદ્ધ જ્ઞાન–દર્શન–ચારિત્રનો કર્તા થાય. તેમજ અજ્ઞાન વશે પરભાવનો ભોક્તા બને છે અર્થાત્ વર્ણ–ગંધ–રસ–સ્પર્શ, સ્ત્રી, પુરુષ, વસ્ત્ર, ખાદિમ, સ્વાદિમ, પદાર્થને મેં ભોગવ્યા, હું ભોગવું છું, હું ભોગવીશ એમ પરભાવના ભોક્તાપણાનું અભિમાન કરે છે, પણ જ્યારે સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યારે પોતાના જ્ઞાનાદિ શુદ્ધ ગુણ પર્યાયને પોતાના ભોગ ઉપભોગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણી તે ભોગવવાનો કામી થઇ તેના ભોગમાં મગ્ન થાય, પરભાવનું ભોક્તાપણું દૂર થાય તેમજ અનાદિ વિભાવવશે અશુદ્ધકારક પ્રવૃત્તિમાં પોતાના આત્મપરિણામને સ્થિર કરે છે, તેમજ પરભાવમાં વ્યાપક અર્થાત્ તલ્લીન, તદ્ગત થઇ રહે છે, તેમજ અશુદ્ધ જ્ઞાને પરિણમે છે. અર્થાત દેહને આત્મ તત્વ જાણે છે, પૌદ્‌ગલિક ભોગને આત્મ ભોગ જાણે છે, પૌદ્‌ગલિક વિષય સુખમાં સુખ જાણે છે, શારીરિક વીર્યને આત્મવીર્ય જાણે છે, તેમજ પૌદ્‌ગલિક પરિણામમાં પોતાના આત્માને સ્થિત કરે છે. એમ અજ્ઞાનવશે સંસારી આત્મા પોતાના સર્વે કર્તૃત્વાદિ સ્વભાવને અશુદ્ધપણે પરિણમાવી અનેક પ્રકારનાં જ્ઞાનાવરણાદિ કર્મ બાંધી પોતાની જ્ઞાનાદિક અનંત સંપદાના ઇશ્વરપણાથી દૂર વર્તે છે. પણ હે ઇશ્વરદેવ ! આપે તે પોતાના સર્વે કર્તૃત્વાદિ સ્વભાવને શુદ્ધ ભાવે પરિણમાવ્યા. પૂર્ણ પવિત્ર થયા. હવે કોઇપણ કાલે અશુદ્ધતાએ પરિણમશે, માટે આપશ્રી એવંભૂત નયે પોતાની જ્ઞાનાદિ નિષ્કલંક અવિનશ્વર લક્ષ્મીના સ્વામી ઇશ્વર થયા છો માટે આપજ સાચા ઇશ્વર છો. ( ૩ )

**પૂર્ણાનંદ સ્વરૂપ-ભોગી-અયોગી,**
**હો ઉપયોગી સદા ॥**
**શક્તિ સકલ સ્વાધીન વરતે,**
**પ્રભુની હો જે ન ચલે કદા ॥ ૪ ॥**

**સ્પષ્ટાર્થ**:-વળી હે ભગવંત ! આપ પૂર્ણાનંદસ્વરૂપ છો. જગતવાસી જીવો ધન-સ્ત્રી આદિ ઇષ્ટ પદાર્થોની અધિકતર પ્રાપ્તિવડે પોતાને પૂર્ણાનંદ માને છે, પણ તે સમુદ્રના કલ્લોલની પેઠે અવાસ્તવિક છે, ક્ષણભંગુર છે. તૃષ્ણારૂપી આગને વધારનાર છે. તથા સ્વાભાવિક સંપદાનો ઘાત કરનાર છે. પણ આપની જ્ઞાનાદિક સંપદા તે નામથી પ્રદેશાંતરે નથી તેથી તે દૂર થવાનો કદાપિ ભય નથી. વળી એક ક્ષેત્રાવગાહી હોવાથી ચાહદારથી અતીત છે. વળી તે જ્ઞાનાદિ સંપદા સહજ સ્વાભાવિક છે માટે તે રાખવાનો અથવા મેળવવાનો પ્રયાસ કરવો પડે તેમ નથી. વળી તે આપને સહજ સંબંધે છે તથા પરદ્રવ્યથી અગ્રાહ્ય છે માટે તેને કોઇ ભાંગી, લુંટી શકે તેમ નથી. તેથી હે ભગવંત ! આપજ પૂર્ણાનંદ છો. તથા હે ભગવંત આપ સ્વરૂપ ભોગી છો માત્ર જ્ઞાન દર્શન ચારિત્રાદિ પોતાના શુદ્ધ નિરૂપાધિક ગુણ પર્યાયને ભોગવવાવાલા છો તેથી આપ સદા નિષ્કંટક છો તથા હે ભગવંત ! આપ મન વચન તથા કાયાની ક્રિયાના અકર્તા થયા છો, યોગનું મમત્વ સર્વથા દૂર કીધું છે તેથી આપ અયોગી છો, વળી આપ સદા ઉપયોગી છો, જ્ઞાનોપયોગનો ઘાત કરનાર જ્ઞાનાવરણીય કર્મ, તથા દર્શનોપયોગનો ઘાત કરનાર દર્શનાવરણીય કર્મ એ બંનેનો આપે સત્તા સહિત સર્વથા નાશ કર્યો છે, માટે હવે આપના ઉપયોગને કોઇપણ સ્ખલના પમાડનાર નથી તેથી આપ સદા ઉપયોગી છો. સર્વે સમય શુદ્ધ જ્ઞાન-દર્શનોપયોગમાં નિરંતર વર્તો છો. એમ હે ભગવંત ! જ્ઞાનાદિ સર્વ શક્તિઓ આપ પોતાને સ્વાધીન વર્તાવો છો, વળી સર્વ કર્મનો અભાવ કહી આપે તે શક્તિઓ પોતાને સ્વાધીન કરી છે માટે તે હવે આપથી કોઇપણ કાલે ક્ષણ માત્ર પણ પ્રદેશાંતરે થનાર નથી, સદાકાલ આપમાં અચલપણે રહેશે તેથી તજ્જન્ય આનંદમાં આપ સદા મગ્ન છો. ૪.

**દાસ વિભાવ અનંત નાસે,**
**પ્રભુજી હો તુજ અવલંબને ॥**
**જ્ઞાનાનંદ મહંત તુજ સેવાથી,**
**હો સેવકને બને ॥ ૫ ॥**

**સ્પષ્ટાર્થ**.-જ્યાંસુધી આત્મા સચેત થયો નથી, ત્યાંસુધી અનાદિ વિભાવ સ્વભાવ હોવાને લીધે આત્મા સમ્યક્‌જ્ઞાને નહિ પરિણમતાં અજ્ઞાનપણે પરિણમે છે. સમ્યગ્ દર્શનપણે નહિ પરિણમતાં મિથ્યાદર્શનપણે પરિણમે છે, સ્વસ્વરૂપમાં રમણ નહિ કરતાં વિષયકષાયમાં રમણ કરે છે, પંડિતભાવે વીર્ય નહિ ફેરવતાં બાલબાધકભાવે ફેરવે છે, સૂક્ષ્મ તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થૂલ ક્રિયાનો રાગી થઈ કર્મબંધન કરે છે, શુદ્ધ સ્વભાવનો કર્તા નહિ બનતાં પરભાવનો કર્તા બને છે. શુદ્ધ સ્વભાવનો ભોક્તા નહિ બનતાં પરભાવનો ભોક્તા બને છે. શુદ્ધ જ્ઞાનાદિ ગુણનો ગ્રાહક નહિ થતાં પરગુણ પર્યાયનો ગ્રાહક થાય છે. શુદ્ધ સ્વભાવમાં નહિ વ્યાપતાં પરભાવમાં વ્યાપે છે, એમ જ્ઞાનાદિ અનંત ગુણોને અશુદ્ધપણે પરિણમાવવારૂપ જે અનંત વિભાવ હું-સેવકને વળગેલો છે તે સર્વ વિભાવ હે પરમેશ્વર! આપના અવલંબનવડે સમૂલ નાશ થશે. વળી હે પરમેશ્વર! આપની પવિત્ર આજ્ઞામાં વિચરવારૂપ સાચી સેવાથી હું સેવકને અખૂટ-અચલ અવિનશ્વર જ્ઞાનાનંદ પ્રાપ્ત થશે. જ્ઞાનાનંદ તે જ સાચો આનંદ છે. વિષય કષાયવડે મનાયેલો આનંદ તે અવાસ્તવિક, કલ્પિત તથા દુ:ખનિદાન છે. ૫.

**ધન્ય ધન્ય તે જીવ,**
**પ્રભુપદ વંદી હો જે દેશન સુણે ॥**
**જ્ઞાન, ક્રિયા, કરે શુદ્ધ,**
**અનુભવ યોગે હો નિજ સાધકપણે ॥ ૬ ॥**

**સ્પષ્ટાર્થ:**—ધન્ય છે તે જીવોને, ધન્ય છે તે જીવોને કે જે હે પરમેશ્વર! આપના પવિત્ર ચરણકમલને વંદી સર્વે જીવને સુખકારી સંસારસમુદ્રમાંથી તારનાર ધર્મદેશના રુચિપૂર્વક શ્રવણ કરે, મહાપુણ્યના યોગે આપશ્રીની દિવ્ય વાણીનો લાભ મળે છે. રત્નચિંતામણિથી અત્યંત દુષ્પ્રાપ્ય, અમૂલ્ય, આપની દેશનાનું યથાર્થ રહસ્ય પામી પોતાના શુદ્ધાત્મ પરના સાધકપણે શુદ્ધાત્મા અનુભવયોગે જ્ઞાનશુદ્ધિ તથા ક્રિયાશુદ્ધિ આદરે; જ્ઞાનશુદ્ધિ-સંશય-વિભ્રમ અને વિમોહ રહિત શુદ્ધ તત્વનું જાણવું તે શુદ્ધ જ્ઞાન છે. તે શુદ્ધ જ્ઞાન સર્વ દોષથી રહિત કેવલજ્ઞાન દિવાકર શ્રી અરિહંતાદિની સદુપદેશદ્વારા તથા તેઓના પ્રરૂપેલા સદાગમદ્વારા વાંચના, પૃચ્છના, પર્યટના, અનુપ્રેક્ષા તથા ધર્મકથા વિગેરે સાચા નિમિત્તથી, શુદ્ધજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, માટે તેઓનું અતિચાર રહિત નિરંતર સેવન કરવું જેથી જ્ઞાનશુદ્ધિ થાય.

ક્રિયા શુદ્ધિ:-ક્રિયા બે પ્રકારે છે-બાહ્ય ક્રિયા અને અંતરંગ ક્રિયા. શુદ્ધ આહારાદિકનું ગ્રહણ કરવું તથા ઇર્યા, ભાષાદિ સમિતિનું પાલન કરવું વિગેરે બાહ્ય ક્રિયાશુદ્ધિ છે. તથા સ્વસમય-પરસમય-સ્વદ્રવ્ય પરદ્રવ્યને ભિન્ન ભિન્ન યથાર્થ જાણવામાં વર્તવું તથા શુદ્ધાત્મ સ્વરૂપનો ઘાત કરનાર ક્રોધાદિક કષાયોનો ભેદ વિજ્ઞાનરૂપ તીક્ષ્ણ બાણવડે નાશ કરવો, તેઓનો આત્મસત્તાભૂમિમાં પ્રવેશ થવા દેવો નહિ એમ શુદ્ધાત્મ સ્વરૂપનું રક્ષણ કરવું, શુદ્ધાત્મ અનુભવમાં વિચરવું તે અંતરંગ ક્રિયાશુદ્ધિ આદરણીય, પ્રશંસનીય છે. સંવર હેતુ છે, પણ અંતરંગ ક્રિયાશુદ્ધિની અપેક્ષા વગરની બાહ્ય ક્રિયા શુદ્ધ તે બંધ હેતુ છે.

**શુદ્ધાતમ અનુભવ વિના,**
**બંધ હેતુ શુભ ચાલ;**
**આતમ પરિણામે રમ્યા,**
**એહજ આસ્રવ પાલ ॥ ૬ ॥**

માટે બાહ્ય ક્રિયા શુદ્ધિમાં પ્રવૃત્ત થતાં, અંતરંગક્રિયાશુદ્ધિથી ચૂકવું નહીં અને અંતરંગ ક્રિયાશુદ્ધિની કારણરૂપ બાહ્ય ક્રિયા શુદ્ધિની ઉપેક્ષા કરવી નહિ માટે ક્રિયા શુદ્ધ તથા જ્ઞાન શુદ્ધિ એ બન્નેનું જિનાજ્ઞા પ્રમાણે પાલન કરતો સ્યાદ્વાદમાં કુશલ એવો જ્ઞાની શુદ્ધ નિરામય નિર્વાણપદને પ્રાપ્ત થાય છે.

**વારવાર જિનરાજ તુજપદ સેવા,**
**હો હોજો નિરમલી;**
**તુજ શાસન અનુજાઈ,**
**વાસન-ભાસન હો તત્વરમણ વલી ॥ ૭ ॥**

**સ્પષ્ટાર્થ:**—માટે સ્યાદ્વાદ વાણીના ઉપદેષ્ટા હે પરમેશ્વર! આ ભીષણ ભવસમુદ્રમાંથી તારવાને સમર્થ એવી આપના ચરણયુગની સેવાનો નિરંતર મને લાભ મળજો વળી હે પરમેશ્વર! આપના જ્ઞાન, ન્યાય અને દયાયુક્ત પવિત્ર શાસનની રુચિ, જ્ઞાન તથા શુદ્ધાત્મ તત્ત્વમાં રમણ એ સર્વે સદાકાળ મારા આત્મપરિણામમાં વાસ કરજો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# India Office Library

COMMONWEALTH RELATIONS OFFICE
KING CHARLES STREET. LONDON. SW1
*Whitehall 2323*

L 226/51 18th February, 1952

Dear Sir,

I am writing to acknowledge with many thanks the receipt of your article on the *Time of Bhartrihari* and the list of the 214 Jaisalmer manuscripts.

The list contains many works of great interest to this Library, but we think it would be easier to make a choice of copies when we have actually seen the negative microfilms and know the length of the film occupied by various manuscripts. Before making any decision, therefore, we will wait until we hear again from you and know if you wish to have positive copies made in this country.

Muni Sri Jambuvijayaji,
Jain Temple,
P. O. Malegaon City,
Bombay.

Yours faithfully,
*A. F. Thompson.*
for the Librarian

## ઇન્ડીઆ ઑફિસ લાઇબ્રેરી

પત્રાંક ૨૨૬/૫૧ લંડન.

**આત્મપ્રિય મુનિશ્રી જંબુવિજયજી,** ૧૮-૨-૫૨

આ પત્રદ્વારા '**ભર્તૃહરિનો સમય**' નામનો આપનો લેખ તથા જેસલમેરની **હસ્તલિખિત** પ્રતોની સૂચી જે આપે મારા પર કૃપા કરી મોકલી છે તેની **સાભાર** પહોંચ લખી મોકલું છું.

જેસલમેરવાળી સૂચિ વાંચવાથી જણાય છે કે તે ગ્રંથો અતિ મૂલ્યવાન છે અને અમારી લાઇબ્રેરીમાં લેવા લાયક છે પરંતુ જ્યારે ગ્રંથોની પસંદગી કરવાનો પ્રશ્ન ઊભો થાય છે ત્યારે અમારે જાણવું જોઇએ કે આ પ્રતોની જે ફીલ્મો ઉતારી છે તેની નેગેટીવ માઇક્રો ફીલ્મોની લંબાઈ કેટલી છે, તેથી તેને પ્રત્યક્ષ જોવી પડે તેમ છે. અમે છેવટનો નિશ્ચય કરીએ તે **પહેલાં** જો આપ અમને જણાવી શકો કે ઇંગ્લાંડમાં તે નેગેટીવ ઉપરથી પોઝીટીવ નકલો કરાવવા ઇચ્છો છો કે કેમ, તો, અમને આ નિર્ણય કરવાનું સુગમ થઈ પડશે.

આપનો વિશ્વાસુ.
**એ. એફ. થોમ્પસન**
(લાઇબ્રેરીયનની વતી)

---

**શુદ્ધાત્મા નિજ ધર્મ, રુચિ અનુભવથી હો**
**સાધી સત્યતા ॥**
**દેવચંદ્ર જિનચંદ્ર, ભક્તિ પસાયે હો**
**હોશે વ્યક્તતા ॥ ૮ ॥**

**સ્પષ્ટાર્થઃ**-શુદ્ધાત્મ ધર્મ (સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યક્ચારિત્ર) ની રુચિ તથા અનુભવ જે વડે થાય તે સર્વ સાધનો સત્ય છે, તથા હિતકારી છે. શુદ્ધાત્મ ધર્મના અનુભવના હેતુરૂપે આદરેલા સર્વ બાહ્ય યોગરૂપ સાધનો સત્ય તથા હિતકારી છે. શ્રી દેવચંદ્ર મુનિ કહે છે કે-હે જિનચંદ્ર ! આપની ભક્તિ પસાયે અર્થાત્ આપની આજ્ઞાનું સેવન કરવાથી મારી સર્વ શુદ્ધાત્મ સંપદા પ્રગટ થશે. ૮



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**India Office Library.**
COMMONWEALTH RELATIONS OFFICE
KING CHARLES STREET. LONDON. SW1
*Whitehall 2323*

L. 226/51 4 th March, 1952

Dear Sir,

Thank you for your letter of the 29 th February.

We are writing to-day to the University Library, Cambridge, about reproduction of the two texts from the Lhasa edition of the Tanjur, and will let you know the costs as soon as we hear from them.

Messrs Kodak's charge for enlarged prints from microfilms is 1s. 9d. a square foot of paper used. They did not make any charge for the specimen enlargement from your Jaisalmer manuscript film.

We shall be very interested to see the copy of the part of Kiranavali which you have made from the newly discovered Jaisalmer manuscript.

for the Librarian.
Yours faithfully,
*A. F. Thompson.*

Jain Muni Jambuvijayaji,
Jain Temple,
Malegaon City,
Bombay.

**ઇંડીયા ઑફિસ લાઇબ્રેરી.**

**લંડન.**
૪-૩-૧૯૫૨.

પત્રાંક ૨૨૬/૫૧

**આત્મપ્રિય મુનિશ્રી જંબુવિજયજી,**

આપના ૨૯-૨-૧૯૫૨ ના પત્ર માટે આભાર.

અમે આજે કેમ્બ્રીજની યુનીવર્સીટી લાઇબ્રેરી ઉપર પત્ર લખીએ છીએ. તે પત્રમાં તાંજુરવાળી લ્હાસાની આવૃત્તિ ઉપરથી તૈયાર થતી બે પુસ્તકોની પ્રતો સંબંધે હકીકત લખી છે અને કેમ્બ્રીજથી જવાબ આવશે કે તુરત આ બાબત કેટલો ખરચ થશે તે અમે આપને લખી મોકલીશું.

માઇક્રોફીલ્મ ઉપરથી એન્લાર્જ કરેલ પ્રીન્ટ માટેનો મેસર્સ કોડક કુંપનીનો ભાવ, વપરાયેલા કાગળના સમચોરસ માટે ૧ શીલીંગ ૯ પેન્સ છે. આપના જેસલમીરના નમુનાની મેન્યુસ્ક્રીપ્ટ ફીલ્મના એન્લાર્જ માટે કશો પણ ચાર્જ કર્યો નથી.


હમણાંજ નવી શોધાયેલી જેસલમેર પ્રત ઉપરથી તૈયાર કરેલ 'કિરણાવલિ'ના એક ભાગની નકલ અમને જોવા માટે મળશે તો અમને ખૂબ આનંદ થશે.

આપનો વિશ્વાસુ,
**એ. એફ. થોમ્પસન.**
(લાઇબ્રેરીયનની વતી)


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અપૂર્વ દીક્ષા મહોત્સવ (મુંબઇ)



સંસારના સર્વ બંધનોને તોડી, ત્યાગી, સંયમી મુનિજીવનમાં પ્રવેશેલ મુનિરાજ **શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ.**



સંયમ લીધા પૂર્વેના વરઘોડાના સમયનો ફોટો **ભાઈશ્રી ઇંદ્રવદન કાન્તિલાલ પ્રતાપશી.**

જ્ઞાનગર્ભિત, દુઃખગર્ભિત, અને મોહગર્ભિત ત્રણ પ્રકારના વૈરાગ્યમાં જ્ઞાનગર્ભિત વૈરાગ્ય સર્વોત્કૃષ્ટ અને અનુપમ છે. પૂર્વ ભવે સંયમનું આરાધન કર્યું હોય, અને પરંપરાથી ધર્મના સંસ્કાર વારસામાં ઉતર્યા હોય, પુણ્ય યોગે શ્રીમંત શ્રદ્ધાળુ કુટુંબમાં જન્મ થયો હોય, લઘુવયથી શ્રાવકોચિત આવશ્યક ક્રિયાઓ વડિલમાં જોઇ આદરવા પ્રેમ પ્રગટ્યો હોય, અને સાથે દેવગુરુભક્તિમાં રસ લાગ્યો હોય, વિદ્વાન મુનિવરોના ઉપદેશ, શ્રવણ વગેરેથી બાળવયથી જ સંયમ ભાવના પ્રગટેલી હોય, ધાર્મિક શિક્ષણ મેળવ્યું હોય, આવી સર્વ સામગ્રી પુણ્યવંત પુરુષને સાંપડતાં લક્ષ્મીને ઠોકરે મારી, વિષયોને ત્યાગીને બાળવયમાં દીક્ષા લેવા તૈયાર થનાર ભાગ્યશાળી પુરુષ બહુ જ વિરલા હોય છે અને આવી રીતે લઘુવયમાં, વડિલોની આજ્ઞા લઇ ચારિત્ર લેનાર બંધુની એ ભાગવતી દીક્ષા અનુપમ, અપૂર્વ અને ભાવિમાં મહાન પુરુષ બની શાસનપ્રભાવના અને લોકકલ્યાણ પણ અસાધારણ કરી શકે છે, તેવા ભૂતકાળના ઇતિહાસમાં આવા ઘણા દૃષ્ટાંતો છે. આવો અપૂર્વ પ્રસંગ શ્રી શત્રુંજય પવિત્ર તીર્થ શ્રી આદિનાથ દેવાધિદેવના પ્રતિષ્ઠાદિન વૈશાક વદી ૬ ગુરુવારના ઉત્તમ દિવસે મુંબઇ શહેરમાં જૈન સમાજ અને વ્યાપારીઓમાં પ્રતિષ્ઠિત શેઠ જીવતલાલભાઇ પ્રતાપશી રાવબહાદૂરના સદ્ગત બંધુ શ્રી કાન્તિલાલભાઇના ઓગણીશ વર્ષના લઘુવયના **સુપુત્ર શ્રી ઇંદ્રવદનભાઇએ** વિદ્વાન, ભદ્રિક આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસે દીક્ષા લીધી છે. એક તો શેઠ જીવતલાલભાઇ અને તેમનું આખુ કુટુંબ પરમ શ્રદ્ધાળુ, દેવગુરુ-ભક્ત અને દીક્ષા માટે ખાસ પ્રેમ ધરાવનારા છે. તેમણે અને ઇંદ્રવદનભાઇના માતુશ્રીએ જેમણે ઇંદ્રવદનભાઇને દીક્ષા માટે હર્ષપૂર્વક રજા આપી છે, તેમને પણ અમો ધન્યવાદ આપીયે છીએ. જાણવામાં આવે છે કે-ઇંદ્રવદનભાઇને જ્યારે મુનિપણાનો વાસક્ષેપ થયો તે વખતે તેમનો અપૂર્વ ઉલ્લાસ હતો જેથી ત્યાં આવેલ હજારો મનુષ્યોના મસ્તક નમી પડ્યા હતા. અમો પણ નવદીક્ષિત મુનિરાજ શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજને વંદન કરીયે છીએ આવા લઘુવયમાંથી જ પૂર્વનો અભ્યાસ, સંસ્કાર, ત્યાગભાવના, શાસ્ત્રઅભ્યાસ અને દીક્ષા વગેરેથી ત્યાગ ભાવવડે આત્મા રંગાઇ ગયો હોય તે જ આત્મા મહાન વિભૂતિ ભૂતકાળમાં થયેલ વાંચવામાં આવ્યું છે અને તેવા પૂજ્ય પુરુષો જ સૂરિપદ જલદી પ્રાપ્ત કરી મોક્ષ પ્રાપ્તિ સત્વર કરી શકે છે. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ ભાવિમાં તેવા મહાન થઈ શાસનપ્રભાવના કરે. આવી જ રીતે જેઠ સુદી ૫ ના માંગલ્ય મુહૂર્તે લઘુ વયના બીજા પાંચ બંધુઓએ આચાર્યદેવ **શ્રી વિજયપ્રેમસૂરિજી** પાસે ઉત્સાહપૂર્વક ભાગવતી દીક્ષા ગ્રહણ કરી છે. અમો તે નવદીક્ષિત મુનિરાજોને વંદન કરીયે છીયે !

# સ્વીકાર સમાલોચના.

**( ૧ ) અમૃતક્રિયાના દિવ્યમાર્ગે:**—મોક્ષના અભિલાષી મનુષ્યને ધર્મક્રિયા કરવામાં અમૃત અનુષ્ઠાન જોઇએ તેની આરાધના માટે આ પુસ્તિકામાં આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્ય શ્રી ભાનુવિજયજી મહારાજશ્રીએ દાખલા દલીલો સહિત બહુ સુંદર નિબંધ સાદી સરલ ભાષામાં લખ્યો છે. સર્વને પઠનપાઠન માટે તે લઘુ ગ્રંથ માટે ભલામણ કરીએ છીએ. વીસનગરવાળા મોહનલાલ ચુનીલાલ પટવા તરફથી ભેટ એક આનાની ટીકીટ મોકલી શ્રી વિજયદાનસૂરીશ્વર જૈન ગ્રંથમાળા ગોપીપુરા-સુરતથી મંગાવી લેવી.

**( ૨ ) श्री षोडशक प्रकरणम् ( पूर्वार्ध )** ( પ્રકાશક શ્રી લુહારની પોળના જૈન ઉપાશ્રયના ટ્રસ્ટીઓ, અમદાવાદ. )

આચાર્ય ભગવાનશ્રી હરિભદ્રસૂરીશ્વરજીવિરચિત મૂળ, બાળટીકા સહિત જેમાં મૂળ, શબ્દાર્થ, સમુદિતાર્થ અને વિવરણ સહિત સંસ્કૃત ભાષામાં સુંદર ટાઇપમાં પ્રતાકારે વ્યાકરણતીર્થ પં. મોહનલાલ અમૃતલાલ સંઘવીએ સંશોધન કરેલ આ પૂર્વાર્ધ ગ્રંથ સાત ષોડશકમાં પ્રસિદ્ધ થયેલ છે. પ્રથમ ષોડશકના લિંગાદિભેદો વગેરેથી છઠ્ઠા ષોડશક જિનમંદિર અને સાતમા ષોડશક જિનબિંબ સંબંધી અનેક જાણવા, આદરવા જેવા વગેરે અનેક વિષયો આવેલા છે. જો કે મૂળ સંસ્કૃત ભાષામાં હોવા છતાં તે વ્યાખ્યાન ઉપયોગી ખાસ ગ્રંથ છે. છતાં આવા ગ્રંથનું ગુજરાતીમાં સરલ ભાષાંતર કરી પ્રગટ કરવાની પ્રકાશકોને સૂચના કરીએ છીએ. જ્ઞાનભંડારોમાં વસાવવા યોગ્ય આ ગ્રંથ છે. છેવટે તેમાં પંડિતશ્રી પદ્મવિજયજી ગણિ શિષ્ય જ્યોતિર્વિજય-રચિત તત્ત્વામૃત ગ્રંથ અને શ્રી અમરવિજયગણિ વિરચિત શ્રીગણધરવાદ એ બે ગ્રંથો સાથે દાખલ કરી ગ્રંથની શોભામાં વૃદ્ધિ કરી છે. સંસ્કૃતના અભ્યાસી સાધુ સાધ્વી મહારાજોને અને જ્ઞાનભંડારોને પ્રકાશક તરફથી ભેટ આપવામાં આવે છે.

**શિબિર**-" શિબિર " માસિકનો પાંચમો અંક અમોને સમાલોચનાર્થે મળેલ છે, વિદ્યાર્થીઓ માટે આ માસિક ઉપયોગી છે. વિદ્યાર્થી ભાવિનો નાગરિક છે જેથી તેના મૂળમાં શિક્ષણ, સંસ્કાર, વિશ્વપ્રેમ, ભ્રાતૃભાવના વિગેરે સંપાદન કરે તેવા લેખો સાદી ભાષામાં આપતાં આ " શિબિર " દીર્ઘાયુ થઇ સર્વમાન્ય થાય એમ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

## શ્રી જૈન આત્માનંદ સભા (ભાવનગર)નો છપ્પનમો વાર્ષિક મહોત્સવ

સંવત ૨૦૦૮ના જેઠ સુદી ૨ ને રવિવાર તા. ૨૫-૫-૫૨ના રોજ શ્રી તાલધ્વજગિરિ તીર્થે સભાની વર્ષગાંઠ ઘણા જ સમારોહપૂર્વક ઉજવવામાં આવી હતી સભાના પેટ્રન સાહેબો અને સભાસદોએ સારી સંખ્યામાં ભાગ લીધો હતો. સવારના નવ વાગે શ્રીનવાણું પ્રકારી પૂજા ભણાવી પરમાત્માની અંગરચના, રોશની વગેરે કરી દેવગુરુભક્તિ યાત્રા કરી બપોરે સ્વામિવાત્સલ્ય કર્યું હતું. સર્વે આત્મકલ્યાણનાં કાર્યો સભા તરફથી કરવામાં આવ્યા હતા.

આ સભાનું ધન્ય ભાગ્ય છે કે દરવર્ષે દેવગુરુ ભક્તિ, તીર્થયાત્રા વગેરે એ તીર્થો ઉપર જઇ કરવામાં આવે છે. આ સભાના સભાસદો પણ પોતાનું સભાસદ તરીકે અહોભાગ્ય માને છે કે આ સભાના સભ્ય થવાથી તીર્થયાત્રા વગેરે માંગલિક પ્રસંગોનો ઉત્તમ લાભ દર વર્ષે મળે છે.

## વિહાર

યુગવીર આચાર્ય **શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજ, ઉપાધ્યાય **શ્રી સમુદ્રવિજયજી** મહારાજ, ઉપાધ્યાય **પૂર્ણાનંદવિજયજી** મહારાજ, મુનિરાજ શ્રી વિચારવિજયજી મહારાજ આદિ મુનિઓ સહિત ઝઘડીયા તીર્થ પર શ્રી આત્માનંદ જૈન ગુરૂકુલ સ્થાપન કરાવવાનો નિર્ણય કરાવી ચૈત્ર શુદ ત્રીજ વિહાર કરી લીમેટ વગેરે ગામોએ ચૈત્ર શુદી દશમીએ સુરત શહેર બહાર શેઠ હીરાલાલ ચોકસીના બંગલે પધાર્યા. સર્વે સ્થાનોએ શ્રી સંઘોએ આચાર્યશ્રીજીનું ભાવભીનું સ્વાગત સામૈયાપૂર્વક કર્યું હતું.

**સુરત**—છાપરીઆશેરીના ઉપાશ્રયે પધરાવ્યા. આચાર્યશ્રીજીએ એક કલાક વ્યાખ્યાન આપ્યું. રડાચૌટે બાર વાગતે આચાર્યશ્રીજી પધાર્યા. અહિં ખાસ મંડપ બનાવવામાં આવ્યો હતો. તેમાં કનકચંદ્રસૂરિજી મહારાજ, મુનિરાજ શ્રી ભક્તિમુનિજી, નિપુણમુનિજી, પ્રભાસાગરજી મહારાજ તથા સાધ્વી સમુદાય ઠીક હતો.

આચાર્યશ્રીજીએ પ્રભાવશાલી ઉપદેશ આપી માંગલિક સંભળાવ્યું. ત્યારબાદ નેમુભાઇની વાડીમાં તેરસે શ્રીમહાવીરસ્વામીની જયંતિ-જન્મકલ્યાણક ઉજવવામાં આવી. સવારે આચાર્યશ્રીજીએ શ્રમણ ભગવાનશ્રી મહાવીરસ્વામીજીના જીવન વિષે વ્યાખ્યાન આપ્યું.

ઉપાધ્યાય સમુદ્રવિજયજીએ બોલતા જણાવ્યું કે-ઇંદ્રભૂતિ આદિ બ્રાહ્મણો યજ્ઞ કરાવવા માટે એકત્ર થયા હતા. પોતે સર્વજ્ઞતાનું અભિમાન ધરાવતા હતા પણ ખામી શાની હતી? સમ્યગ્જ્ઞાનની તે ભગવાનના ચરણોમાં આ સમ્યગ્જ્ઞાન થયું. ભગવાનના ગણધર થયા માટે સમ્યગ્જ્ઞાનના પ્રચાર માટે ગામો ગામ શહેરેશહેર પાઠશાળાઓ, ગુરુકુળો, યુનિવર્સિટીઓ ખોલવાની જરૂરત છે ઇત્યાદિ. કતાર ગામ પણ વ્યાખ્યાન આપ્યું. પ્રતિપદાએ રાંદેર, બીજે સુરત નવાપુરાના ઉપાશ્રયે પધારી આચાર્યશ્રીજીએ બે કલાક રક્ષણ, શિક્ષણ અને સંગઠ્ન વિષે પ્રભાવશાલી વ્યાખ્યાન આપ્યું. મુંબઇથી શેઠ ભાઇચંદભાઇ, રતનચંદભાઇ વગેરે ગોડીજી મહારાજની મેનેજીંગ ટ્રસ્ટીઓ તથા દાનવીર શેઠ કાંતિલાલ ઇશ્વરલાલ, ફુલચંદ શામજી, મોહનલાલ ચોકસી, રતિલાલભાઈ વગેરે સદ્‌ગૃહસ્થો આચાર્યશ્રીજીને વંદન કરવા આવ્યા. બપોરે શ્રી કોન્ફરન્સના પ્રચાર માટે ખાસ સભા ભરવામાં આવી. આચાર્યશ્રીજીએ પ્રસંગોચિત ઉપદેશ આપ્યો. બધે સ્થળે સામૈયા થયા હતા.

આજે સંક્રાન્તિ હોવાથી પ્રથમ આચાર્યશ્રીએ સંક્રાન્તિ સંબંધી લગભગ બે કલાક સચોટ ઉપદેશ આપ્યો હતો. આ મહિનામાં આવતા જિનેશ્વરદેવોના કલ્યાણકોના નામ સંભળાવ્યા હતા.

**નવસારી:**—તા. ૧૬ મીએ આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પોતાની મુનિમંડલી સહિત ૧૬-૧૭ વર્ષે પધારતા હોઇ શ્રીસંઘમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્સાહ ખુબ હતો. ઘણી જ ધામધૂમથી સામૈયાપૂર્વક પ્રવેશ કરાવ્યો. આચાર્યશ્રીજી "મનુષ્યભવની દુર્લભતા" ઉપર વ્યાખ્યાન આપ્યું. ૧૬–૧૭ વર્ષ પહેલાં આચાર્યશ્રીએ અહિં પધારેલા ત્યારે શ્રી સંઘમાં સુસંપ કરાવ્યો. અત્રે શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી ભગવાનના દહેરાસરનું ખાતમુહૂર્ત કરાવેલ ત્યારથી અમારા શ્રી સંઘમાં આનંદ વર્તી રહ્યો છે. આઠમને દિવસે જૈન દહેરાસરના વિશાલ મેદાનમાં આચાર્યશ્રીનું જાહેર પ્રવચન થયું હતું.

આચાર્યશ્રી નવમીએ વિહાર કરી કાલીયાવાડી અને દશમીએ સીસોદરા પધાર્યા.

## નવસારીથી માહિમ.

પંજાબકેસરી યુગવીર આચાર્યશ્રીમદ્ વિજય વલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબની આજ્ઞાથી નવસારીથી ઉપાધ્યાયજી સમુદ્રવિજયજી તથા મુનિરાજશ્રી વિચારવિજયજી મહારાજ આદિ ઠા. ૮ ચૈત્ર વદી ૯ મે વિહાર કરી સીસોદરા વગેરે શહેરોમાં થઇ વૈશાક વદી ૫ મે માહિમ પધાર્યા. શ્રીસંઘે સુંદર સ્વાગત સામૈયું કરી પ્રવેશ કરાવ્યો હતો. શ્રીસંઘે વૈશાક શુદિ ૧૧ થી વૈશાક વદિ ૬ સુધીનો અઠ્ઠાઇ મહોત્સવ કર્યો હતો. છઠ્ઠે અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવવામાં આવ્યું. છઠ્ઠના સવારે ઉપાધ્યાયજી શ્રી સમુદ્રવિજયજીના શુભ હસ્તે સાધ્વીજી શ્રી યશોદાશ્રીજીની વડી દીક્ષા સમારોહપૂર્વક થઇ અને આચાર્ય ભગવંતના પ્રવચનો સાથે ઉપાધ્યાયજી શ્રી સમુદ્રવિજયજી મહારાજ તથા શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ અને મુનિરાજશ્રી જનકવિજયજીના પણ વિવેચનો થતાં હતાં.

ત્યાંથી સતત વિહાર કરી વૈશાક શુદિ ૧૩ સે માહિમ પધારી ગયા હતા. દરેક સ્થળે આચાર્ય ભગવંતના ભક્તિપૂર્વક સામૈયા થતા હતાં.

## શ્રી ચન્દ્રપ્રભાસપાટણ તીર્થે અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ.

સૌરાષ્ટ્રમાં પ્રભાસતીર્થ ઘણું જ પ્રાચીન તીર્થ છે. પરમ પૂજ્ય શ્રીચંદ્રપ્રભુજિનેશ્વર ભગવંત જ્યાં આજથી સતરશેહ વર્ષ પૂર્વે વલ્લભી ભંગ થયો ત્યારે ત્યાંથી લઇ અધિષ્ઠાયક દેવોએ અહિં પ્રભાસમાં પરમાત્માને બિરાજમાન કર્યાનો ઐતિહાસિક પુરાવો સબળ છે. કાળ પરિવર્તનથી ઘણી વખત ઉદ્ધાર પ્રતિષ્ઠા થયેલ. હાલમાં ત્યાંના શ્રી સંઘે જીર્ણોદ્ધાર કરી નવું જિનાલય લાખો રૂપીયાના ખર્ચે કરાવી ગયા માઘ માસમાં સુદ ૫ અંજનશલાકા અને સુદી ૬ ના માંગલિક દિવસોએ શ્રી ચંદ્રપ્રભસ્વામી, શ્રી પાર્શ્વનાથ પ્રભુ, શ્રી સુવિધિનાથ પ્રભુ, શ્રી શાંતિનાથ પ્રભુ, એ મૂળનાયક પ્રભુ સહિત વગેરે પરમાત્માની વિધિવિધાન સહિતની ઉપરોક્ત બંને ઉત્તમ ક્રિયાઓ આ નવા મંદિરમાં પરમપૂજ્ય વિદ્વાન આચાર્યદેવ શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજીના પવિત્ર હસ્તે થયેલ છે. આ નવા મંદિરને ગજેન્દ્રપ્રાસાદ નામાભિધાન થયેલું છે. સુંદર જિનમંદિર, તેમાં પૂજ્ય તીર્થંકર દેવોની ઉત્તમ રીતે ગોઠવણી, સ્થાપના–પ્રતિષ્ઠા વિદ્વાન આચાર્યદેવના હસ્તે થયેલ ક્રિયાવિધાન ઉત્તમ ઉત્તમ મુહૂર્તે થયેલ છે.

આ મહોત્સવનો સંપૂર્ણ રિપોર્ટ શ્રી સિદ્ધચક્રના વર્ષ ૧૮ અંક ૬–૭ ફાગણ–ચૈત્ર અંકમાં પ્રકટ થયેલ છે, જેમાં ભૂતકાલમાં આ તીર્થની પ્રાચીનતા, તીર્થ તરીકે થયેલી સ્થાપના, અનેક તીર્થંકરદેવો મહાન પુરુષોએ કરેલી તે તીર્થની યાત્રા, તીર્થનુ માહાત્મય, ત્યાં બનેલા દીક્ષા જેવા અપૂર્વ પ્રસંગો અત્યાર સુધીમાં થયેલા ઉદ્ધારો વગેરે હકીકત પ્રાચીન ઐતિહાસિક વર્ણન હોઇ પઠન–પાઠન કરવા જેવી છે. ધન્ય ભાગ્ય સિવાય આવા પૂજ્ય તીર્થોનો ઉદ્ધાર કે પ્રતિષ્ઠા કરવાનો અપૂર્વ પ્રસંગ પુણ્ય વગર પ્રાપ્ત થતો નથી.

## યુગવીર આચાર્ય ભગવાન શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો મુંબઈમાં અપૂર્વ પ્રવેશ મહોત્સવ.

જેઠ શુદ ૫ ના રોજ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી નમિનાથજી પ્રભુના મંદિરે પધારતાં શ્રી ગોડીજી મહારાજના જૈન દેરાસરના અને ધર્માદા ખાતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટીઓ તરફથી સ્વાગત ( સામૈયું ) કર્યું હતું. **સત્તર** વર્ષ પછી આચાર્ય મહારાજ મુંબઇ પધારતાં હોવાથી જૈન સમાજમાં અપૂર્વ ઉત્સાહ હતો. વરઘોડો ત્રાંબાકાંટા, ઝવેરી બજાર, પ્રીન્સીસ સ્ટ્રીટ, કાલબાદેવી રોડ, મમાદેવી અને પાયધુની થઇ શ્રી ગોડીજી પાર્શ્વનાથ જિનાલયે આવ્યો હતો; આચાર્ય ભગવંતનું મંગલાચરણ થયું હતું. વિશાળ માનવમેદની હતી.

## શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજનો જયંતિ મહોત્સવ. ( મુંબઇ )



શ્રી આત્માનંદ જૈન સભા અને જૈન સ્વયંસેવક મંડળના સંયુક્ત આશરા નીચે પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ ( સ્વર્ગવાસ તીથી (જેઠ શુદ ૮ ની હોવાથી તે નિમિત્તે જેઠ શુદ ૬-૭-૮ ના રોજ **આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ** અધ્યક્ષપણા નીચે હજારો માનવમેદની વચ્ચે જયંતિ મહોત્સવ ઉજવાયો હતો. ત્રણે દિવસે મંગળાચરણ થયા પછી ગુરુદેવના જીવન ઉપર જુદા જુદા વક્તાઓએ ( મુનિમહારાજ અને ગૃહસ્થોએ ) સુંદર વિવેચનો કર્યા હતા. રવિવારે રથ યાત્રાનો વરઘોડો ચડ્યો હતો. શુમારે વીશ હજાર માનવ મેદની હતી. બાદ પરમ કૃપાળુ આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે જયંતિ નાયકના જીવન ઉપર વેધક પ્રકાશ પાડ્યો હતો. બપોરના બે વાગે શ્રી નમીનાથજી જૈન ઉપાશ્રયમાં જયંતિ નાયકનો સંદેશ, વિનય, જ્ઞાન, ધૈર્ય અને સંઘોન્નતિ ઉપર બહુ જ સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. ઉપરોક્ત સભાના પ્રમુખ શ્રી શાંતિલાલ મગનલાલ અને ઉપપ્રમુખ જેશીંગલાલ લલ્લુભાઇએ સંચાલન કર્યું હતું.

## શાહ વીરચંદ કેવળભાઇનો સ્વર્ગવાસ.

ગયા વૈશાખ શુદિ ૫ ના રોજ સુમારે સિત્તેર વર્ષની વૃદ્ધ ઉમરે પરમાત્માના નામસ્મરણપૂર્વક મુંબઇ શહેરમાં પંચત્વ પામ્યા છે. તેઓનામાં નિઃસ્વાર્થ રીતે સેવાભાવીપણું અને પ્રમાણિકતા એ બે ગુણો મુંબઇ જૈન સમાજમાં અને અહિં સુપ્રસિદ્ધ હતા.

સં. ૧૯૭૫ ના લડાઇના ટાઇમે મૂળજી જેઠા મારકેટમાં સસ્તા અનાજની દુકાન ખોલેલી જેમાં અતિ પરિશ્રમે સસ્તુ અનાજ પૂરું પાડેલું.

સને ૧૯૧૪ ની સાલમાં મુંબઇ શહેરમાં ઇનફ્લ્યુએન્ઝા અને પ્લેગના વખતે જૈન ભાઇઓને ઘેર જઇ દવા-ડૉકટરોની મદદ પહોંચાડેલી હતી.

ઘોઘારી જૈન દવાખાના અને જૈન ભોજનશાળામાં આર્થિક સહાય સાથે સેક્રેટરી થઇ મુખ્ય કાર્યવાહક થઇ સેવા કરી હતી. ધર્મભાવનાને લઇ શ્રી શત્રુંજય તીર્થનો "છરી" પાળતો ભાવનગરથી સંઘ કાઢ્યો હતો. ઉપરાંત મુંબઇ શહેરમાં કોઇ પણ સેવાનું કાર્ય હોય તો વ્યાપારને ગૌણ કરી તે કાર્ય છેવટ સુધી હાથ ધરતા હતા.

આ સભાના તેઓ ઘણા વખતથી લાઇફ મેમ્બર હતા. તેઓશ્રીના સ્વર્ગવાસથી જૈન સમાજ અને આ સભાને એક નિઃસ્વાર્થી સેવકની ખોટ પડી છે. તેઓશ્રીના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેવી પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન શ્વે. કોન્ફરન્સનું ૧૯મું અધિવેશન અને સુવર્ણ જયંતિ ( મુંબઈ. )

તા. ૧૩–૧૪–૧૫ જેઠ વદી ૬–૭–૮ શુક્ર. શનિ અને રવિવારે ભાયખલા શ્રી આદીશ્વર ભગવાનના મંદિરના ચોકમાં તૈયાર કરેલા મંડપમાં ૧૯ મું સુવર્ણ જયંતિ અધિવેશન મળ્યું હતું. અને શ્રીયુત ગુલાબચંદજી ઢઢ્ઢાને હાથે ઉદ્ઘાટન અને તેઓશ્રીને માનપત્ર અર્પણ એ ત્રણ કાર્ય થયાં હતાં. તા. ૧૩–૬–૧૯૫૨ના રોજ પ્રથમ મંગળાચરણ, ઉદ્ઘાટન અને ત્યારબાદ સ્વાગતાધ્યક્ષ શેઠ શ્રીમાન્ ખીમજીભાઈ ભુજપુરીયા જે. પી. નું પ્રવચન અને કોન્ફરન્સના માનનીય પ્રમુખ, શેઠ શ્રીમાન્ અમૃતલાલભાઈ કાળીદાસ બી. એ.નું પ્રવચન, મુખ્ય મંત્રીઓનું નિવેદન, વિષય વિચારણી સમિતિની બેઠક તેમજ તા ૧૪ મીના રોજ કોન્ફરન્સનું ખુલ્લું અધિવેશન, તા. ૧૫ મી ના રોજ સુવર્ણ જયંતિ મહોત્સવ અને આચાર્ય ભગવાન શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનું મંગળ પ્રવચન અને શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા એમ. એ. ને માનપત્ર એ રીતે શેઠ શ્રી અમૃતલાલભાઈના પ્રમુખપણા નીચે ઉત્સાહપૂર્વક કાર્યો થયા હતા.

પ્રથમ દિવસે ભાયખલા શ્રી આદિનાથ પ્રભુના મંદિરના ચોકમાં સુશોભિત મંડપમાં કોન્ફરન્સની પ્રથમ દિવસની બેઠક મળી હતી. પ્રથમ મંગળાચરણ થયા પછી શેઠ શ્રી કાન્તિલાલભાઈ ઇશ્વરલાલે કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરવા શ્રીયુત ગુલાબચંદજી ઢઢ્ઢાને વિનંતિ કરી હતી. ત્યારબાદ **શ્રી ઢઢ્ઢાસાહેબે** કોન્ફરન્સની શરૂઆત, પૂજ્યપાદ આત્મારામજી મહારાજની આજ્ઞા–પ્રેરણાથી પ્રયાસ–પ્રયત્નવડે આ કોન્ફરન્સનો જન્મ થયો હતો વગેરે ઇતિહાસ જણાવ્યો હતો. ત્યારબાદ પૂજ્યપાદ આચાર્ય મહારાજ **શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજનું મંગળાચરણ થયા બાદ શેઠ શ્રી **નાથાલાલ ડી.** પરીખે કોન્ફરન્સે જે સેવાનાં કાર્યો કર્યાં છે અને હાલમાં ૩૭ શહેરોમાં રાહતના કેન્દ્રો શરૂ કરાવ્યા છે તે વગેરે જણાવ્યું હતું.

ત્યારબાદ સ્વાગત કમિટીના પ્રમુખ **શ્રીમાન્ ખીમજીભાઈ** ભુજપુરીયા જે. પી. એ પોતાનું વક્તવ્ય રજૂ કરતાં જણાવ્યું કે—રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર કરવા, પર્વો એક સરખી રીતે ગોઠવવા, ભિન્ન ભિન્ન સંપ્રદાયના મુનિરાજોને જુદા જુદા રાખતી દિવાલ દૂર કરવી, ચોથ પાંચમને અંગે સમુદાય વહેંચાયેલો રહે છે તે નજીક લાવવો, શ્રાવક–શ્રાવિકાના ઉત્કર્ષ માટે જે થયું છે તે ઠીક થયું છે પરંતુ ધારેલી નેમે જલદી પહોંચાય તેમ કરવા, શિક્ષણ માટે જલદી વિકાશ સાધવા વગેરે અંગે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું.

ત્યારબાદ કોન્ફરન્સના માનનીય પ્રેસીડેન્ટ શેઠ શ્રી **અમૃતલાલ** કાળીદાસ દોશી બી. એ. પોતાનું લંબાણ, વિદ્વત્તાપૂર્ણ, દરેક વિષયોને અંગે તલસ્પર્શી વિવેચન કર્યું હતું. એક તો તેઓ પરમ ધર્મશ્રદ્ધાળુ, બી. એ. થયેલા એટલે લક્ષ્મી અને સરસ્વતીનો તેમનામાં સુમેળ સધાયો છે. તેઓશ્રીએ પોતાનો અનુભવ ઠાલવ્યો છે અને કોન્ફરન્સને શું શું કરવાનું છે, શું ખામી છે, વગેરે માટે વિવેચન કરતા પ્રથમ ચોથા ષોડશક ગ્રંથના ચાર શ્લોકનો ભાવાર્થ જણાવી,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારબાદ હાલ ધર્મ પ્રત્યેનો જે અણગમો દેખાય છે તે નવા વિચારના આંદોલનને અંગે છે આ વાદળા ભેદવાની જરૂર છે. ધર્મ અને સંસ્કૃતિના ભેદ સમજવાની પણ જરૂર છે, ધર્મનું તેજ માનવતા સંસ્કાર ઉપર છે. ચારિત્રવાનોની વીરતા અને શ્રમજીવીઓની શ્રમવૃતિનો સમન્વય સાધવો જોઇએ. શિક્ષણ અને સમાજ સુધારણા, મધ્યમ વર્ગને રાહત આપવા, જૈન સમાજમાં વ્યવહારિક ધાર્મિક શિક્ષણ પદ્ધતિ કેવી હોવી જોઇએ, સમાજમાં ધાર્મિક સામાજિક, આર્થિક, રાજકીય અને સાહિત્ય વિષયક મધ્યમ વર્ગની કથળી ગયેલી સ્થિતિ ઊંચે લાવવા વગેરે વિષયો ઉપર વિશદ સમાલોચના કરી હતી. છેવટે શ્રમણ, શ્રાવક સંઘની સુધારણા માટે અગત્યનાં સૂચનો કર્યાં હતાં, છેવટે જૈન સમાજે આ માટે દાનપ્રવાહ વહેવડાવવાની વિનંતિ કરી પોતાનું વકતવ્ય પૂર્ણ કર્યું હતું. પ્રમુખ સાહેબનું આખું ભાષણ અનેક વિચારણા માંગી લે છે.

રાત્રિના વિષય વિચારણી કમિટીના સભ્યોની નિમણુંક, નક્કી કરેલા વિષયો–ઠરાવો મૂકવાનો પ્રબંધ થયો હતો. તા. ૧૪–૬–૫૨ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના હૃદયસ્પર્શી ઉપદેશ અને કૃપાવડે રૂા. એક લાખ જૈન ભાઈ બ્હેનોની રાહત માટેના ફંડમાં થોડા વખતમાં ભરાઇ ગયા હતા.

પ્રથમ શુભેચ્છાના સંદેશા વંચાઇ રહ્યા બાદ પ્રમુખસ્થાનેથી શ્રી જિનરૂદ્ધિસૂરીશ્વરજી વગેરે મુનિવરો અને શેઠ રતિલાલ વર્દ્ધમાન વગેરે કોન્ફરન્સ પ્રત્યે પ્રેમ ધરાવનારા જૈન બંધુઓના થયેલા સ્વર્ગવાસ માટે ખેદ પ્રદર્શિત કરવા માટે ઠરાવ રજૂ થયો હતો.

ત્યારબાદ શેઠ રતનલાલજી ગુલેચ્છાએ ધાર્મિક શિક્ષણ જૈનોએ પોતાના પરિવારને આપવાનો પ્રયાસ કરવા, તેમજ શિક્ષણ સંસ્થાને યોગ્ય સ્વરૂપ મળી રહે તેમ પ્રબંધ કરવા ધાર્મિક ભાવનાની વૃદ્ધિ થાય તેવું સાહિત્ય સરલ રૂચિકર આકર્ષક ઢબે પ્રકાશક, જૈન સંસ્થા બહાર પાડે તે માટે જૈન પાઠ્યપુસ્તકો યોજવા, જૈન એજ્યુકેશન બોર્ડ તે દિશામાં ઘટતા પગલા ભરે તે વગેરે માટે ઠરાવ રજૂ કર્યો હતો જે શેઠ લાલચંદજી ઢઢ્ઢા, શ્રી વાડીલાલ જીવરાજ, શ્રી ભાઇચંદભાઇ નગીનભાઇ, શેઠ દામજી લવજીના ટેકા સાથે સર્વાનુમતીથી પસાર થયો હતો.

ત્યારબાદ શેઠ પ્રવિણચંદ્ર શિવજીએ વ્યવહારિક શિક્ષણ માટે ઠરાવ રજુ કરતાં જણાવ્યું કે–હુન્નર–ઉદ્યોગના શિક્ષણવડે બને તેટલા સ્વાશ્રયી થવાનો પ્રયત્ન કરવા અને ઔદ્યોગિક, નીતિમય અને શારીરિક શ્રમનું મહત્વ સમજાવવા વિદ્યાર્થીઓ માટે પ્રયત્ન થવો જોઇએ વગેરે મુખ્ય ઠરાવ મૂકી વિવેચન કર્યું હતું જેને શ્રી મોહનલાલ ચોકસી અને ડોકટર ભાઇલાલ બાવીશી, શ્રીમતી તારાબ્હેનના ટેકા તેમજ શ્રી મગનલાલ ધૂલીયાવાળાનો શિક્ષણ સંસ્થાનું સંમેલન ભરવાના મૂકેલા સુધારા સાથે ઠરાવ પસાર થયો હતો.

ત્યારબાદ આચાર્યમહારાજે આશીર્વાદ આપતાં પ્રથમ શિક્ષકો તૈયાર કરવા જણાવી, શ્રીમંતોને ઉદારતાનો પ્રવાહ વહેવડાવવા અપીલ કરી હતી. ત્યારબાદ જૈન કોન્ફરન્સ મુખ્ય મંત્રી શ્રીયુત નાથાલાલ ડી. પરીખે શ્રાવક શ્રાવિકાના ઉત્કર્ષ માટે ઠરાવ રજુ કરતા જણાવ્યુ કે–જુનાગઢ અધિવેશનમાં આ માટે જે પ્રયાસ અને પ્રવૃત્તિ થઇ છે તેની નોંધ કોન્ફરન્સ લે છે. અને જૈન સમાજે પ્રાપ્ત થતા પ્રસંગોએ કરકસર કરી બચતનો ઉપયોગ સાધર્મિક ભાઇઓના ઉપયોગ માટે કરવો. આ માટે થયેલ ફંડમાં સર્વેએ ફાળો આપવો અને ઉદ્યોગ, ધંધા લગાડવા તરફ લક્ષ આપવું. સ્થાયી સમિતિએ દર વર્ષે રૂા. ૨૫ ) કે તેથી વધારે રકમ આપે તેવા એક હજાર દાતાઓ નોંધવા જેથી આ અધિવેશનને મુંબઇ ખચિત ઉજજવળ બનાવશે અને તેથી એવું મ્હોટું ફંડ કરીએ કે સો બસો કેન્દ્ર કોન્ફરન્સ ખોલી શકે વગેરે ઉપર સુંદર વિવેચન કર્યું હતું, જે ઠરાવને માલેગામવાળા શાહ મોતીલાલ વીરચંદ અને શ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોહનલાલ ચોકસીએ ટેકો આપ્યો હતો. દરમ્યાન કંપતા હૃદયે આચાર્ય મહારાજે અંતરથી પોકાર કર્યો હતો કે–તમો સર્વ સાધર્મિક ભાઇઓને મદદ કરો. કોન્ફરન્સના પ્રમુખનું નામ અમૃતલાલ છે, તેઓ પહેલ કરી અમૃતનો ધોધ વહાવે. આચાર્ય મહારાજના અંતરના પોકારે નીચે પ્રમાણે ફંડ ભરાયું હતું. રૂા ૨૫૦૦૧) શેઠ અમૃતલાલ કાલીદાસ રૂા ૧૦૦૦૧) એક ગૃહસ્થ રૂા ૧૦૦૦૧) બીજા એક ગૃહસ્થ રૂા. ૫૦૦૧) શેઠ મોતીલાલ મુળજી, રૂા ૫૦૦૧) શાહ મોહનલાલ તારાચંદ, રૂા ૫૦૦૧) શેઠ પોપટલાલ ભીખાચંદ રૂા ૨૫૦૧) શેઠ ગીરધરલાલ ત્રીકમલાલ તથા બીજી નાની મોટી રકમ મળી એક લાખ રૂપીયા ભરાયા હતા. બાદ ઉપરનો ઠરાવ પસાર થયો હતો.

તા. ૧૫–૬–૧૯૫૨ ના રોજ પ્રથમ આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીએ જૈન શ્રીમંતોને સીઝાતા સાધર્મિકભાઇઓ બ્હેનો પ્રત્યેની ફરજ બજાવવા ફરી અત્યંત ભારપૂર્વક આગ્રહ કર્યો હતો. એ વખતે આચાર્યદેવ સ્વામીવાત્સલ્યતાના મહિમાનું અનુપમ વર્ણન કરતા હતા, બીજી બાજુ એ આચાર્ય મહારાજના ઉપદેશ અને કૃપાવડે આજે મધ્યમવર્ગની રાહત માટે બીજા પંચોતેર હજાર રૂપીયા ફંડમાં ભરાયા હતા.

ત્યારબાદ ૧ રાષ્ટ્રોન્નતિ–રાષ્ટ્રહિતના કાર્યોમાં યથાશક્તિ સેવા આપવાનો, સંસ્કૃતિ રક્ષણ, ભારતવર્ષમાં અર્ધમાગધી ભાષાનું અધ્યયન ઉચિત સ્થાન પામે, જૈન સ્થાપત્ય વગેરેના અવશેષો જૈન સમાજને મળે, જુદા જુદા જૈન ભંડારોમાંહેના સાહિત્યની વ્યવસ્થિત યાદી થવા માટે, પાઠય પુસ્તકોમાં જૈનધર્મના સાચી હકીકતો રજુ કરાવવા માટે વગેરે માટે વક્તવ્ય રજુ થયેલ હતાઃ ત્યારબાદ.–

શ્રી ખીમજીભાઈ ભૂજપુરીયાએ ઠરાવ રજુ કરતાં જણાવ્યું કે જૈન ધર્મ અને સંસ્કૃતિને અપનાવનાર કોઇ પણ દેશ, વર્ણ કે જ્ઞાતિની વ્યક્તિને જૈન ગણવાની, તેને જૈન તરીકે હકો આપવાની, આ કોન્ફરન્સ ઉદ્ઘોષણા કરે છે. શાહ પોપટલાલ રામચંદ, રતીલાલ કોઠારી, તથા કેશવલાલ વીરચંદે તેને ટેકો આપ્યો હતો જ્યારે શેઠ રૂગનાથજી જીવણજીએ વિરોધ કરતાં જણાવ્યું છે કે–ચીન, જાપાન વગેરે જૈન તરીકેના હકો મેળવી આપણી ધાર્મિક સંસ્થામાં માથું મારશે, હરિજન આપણા મંદિરમાં આવશે કે વહીવટમાં માથું મારશે તો શું થાય? તેજ રીતે વિરોધ દર્શાવતા શાહ છોટાલાલ કાળીદાસે જણાવેલ કે કોન્ફરન્સે વગર વિચાર્યે આ ઠરાવ લાવેલ છે. આ બાબતમાં જુદા જુદા સંઘોની લાગણી જાણી ઠરાવ લાવવો જોઇતો હતો. શ્રી કાન્તીલાલ ઉજમચંદ શાહે શ્રમણ સંસ્થાનો અભિપ્રાય પ્રથમ લેવો જોઇએ તેમ જણાવેલ. લંબાણ ચર્ચા થવા બાદ ઠરાવ પસાર થયો હતો.

ત્યારબાદ શેઠ ચીનુભાઇ લાલભાઇએ બંધારણ સંબંધી ઠરાવ રજૂ કરતાં પ્રથમ ઉદ્દેશ–જૈનને લગતા કેળવણીના પ્રશ્નો સંબંધમાં તેમજ ધાર્મિક, સામાજિક, આર્થિક, રાજકીય અને ધર્મ સંબંધી સવાલો ઉપર વિચાર ચલાવી યોગ્ય ઠરાવો કરવાનો, તે અમલમાં મૂકવાના ઉપાયો યોજવા સમાજના કોઇપણ ટ્રસ્ટને કોન્ફરન્સ સ્વીકારશે કે જૈન કોમને લાગુ પડતાં તે ઠરાવો હાથ ધરશે, સંગઠ્ઠને લક્ષમાં રાખી ન્યાતના, સ્થાનિક સંઘના, મહાજનના, પંચના વિવાદગ્રસ્ત સવાલો હાથ ધરશે નહિ. જૈનધર્મ–સમાજનો ઉત્કર્ષ થાય તેવા પ્રયત્નો કરવા સર્વ પ્રકારના હિતોનું રક્ષણ કરવાનો પ્રયાસ કરવા જુદા જુદા ફીરકાઓ વચ્ચે ભ્રાતૃભાવ અને નિકટતા કેળવાય તેવા ઉપાયો યોજવા વગેરે સંબંધી.

ત્યારબાદ જૈન કોન્ફરન્સના એકનિષ્ઠ કાર્યકર શ્રી માણેકલાલ મોદીની સેવા બદલ રૂા. ૧૦૦૦૧) ની થેલી પ્રમુખ સાહેબ શેઠ અમૃતલાલભાઇને હાથે અર્પણ થઈ હતી.

આજ રોજ સવારના શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢાને કોન્ફરન્સની તરફથી અભિનંદન પત્ર કોન્ફરન્સના માનનીય પ્રમુખ શેઠ શ્રી અમૃતલાલભાઇને હાથે અર્પણ થયેલ હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથમ દિવસે માનવમેદની શુમારે આઠ હજારની હતી, પછીના બે દિવસમાં વધતી ગઇ હતી. એ રીતે ત્રણ દિવસ સુધી આનંદપૂર્વક કાર્યક્રમ ઉજવાયો હતો. આચાર્ય ભગવાને મધ્યમ વર્ગના રાહતનો ઉપાડેલો સમયસરનો પ્રબંધ, તેઓશ્રીના આશીર્વાદ પ્રવચન, આંતરિક ભાવનાથી સફળ થયો હતો. એ રીતે ઓગણીશમું અધિવેશન સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.

### આનંદજનક સમાચાર

આ સભા તરફથી સસ્તું સાહિત્ય પ્રકાશનકાર્ય જે ચાલે છે, તેનો પ્રથમ ગ્રંથ અનેકાંતવાદ ધર્મ ગુજરાત યુનીવરસીટીમાં ટેક્સબુક તરીકે દાખલ થયેલ છે.

---

# ગુરુગુણકીર્તન.

ભૈરવી આશા

આજ કહાં આતમરામ હમારા.
ત્યાગમૂર્તિ શારદનંદન, મહાવ્રત કે પાલનહારા,
અડગ વીર ધીર શાસ્ત્ર સુજ્ઞાતા, જીનકા ઉગ્ર વિહારા. આજ.
પંડિત વક્તા વાદિમદભંજક, સુધર્મ શાયર પ્યારા,
વિજયાનંદ વિજય શાસ્ત્રાર્થે, અટલ અડગ એકતારા. આજ.
પુનિત કીયા પંજાબ પદામ્બુજ, સ્વાગત દિવ્ય તુમારા,
દર દર ઘર ઘર ધુની જગાઈ, જૈન ધર્મ ઘન ધારા. આજ.
લા-પરવાહ સદા પરિસહસે, ધર સદ્ધર્મ સહારા,
મંત્ર અહિંસા ફુંક દીયા, જગ વિજયાનંદ હમારા. આજ.
સૂરિવર ભારત નભમંડળકા, ઉજવળ દિવ્ય સિતારા,
છોડ શિષ્યગણ જીવન કાર્યકી, પૂર્ણ હુઇ રસધારા. આજ.
પરમધામમેં કીયા પદાર્પણ, છાંડ જગત્ કૌ સારા,
ગુનગન સૂમરન જયંતિ ઉત્સવ, ઉજવત ભક્ત તુમારા. આજ.
જૈન સંઘમેં સંપ શાંતિ, ધર્માનંદ ભરદો પ્યારા,
સચ્ચા સાધુ હમે પિલાવે, આત્મજ્ઞાન રસધારા. આજ.
દીયા આપને જગવલ્લભ જો, રેલત અમૃત ધારા,
વીર પ્રભુકા સચ્ચા વારસ, ઓર લાખનકા સહારા. આજ.
નિજાત્મવલ્લભ ઘરઘર પ્રકટો, સંઘ બને ઉજીયારા,
પદ નિર્વાણ જયંતિ ઉત્સવ, ચરન ભક્તિ મણિમાળા. આજ.

૩૧-૫-૫૨
જેઠ શુદ ૮ શનિવાર
૨૦૦૮

પાદરાકર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જલદી મંગાવો. **શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર ) ફરીથી છપાવી શકાતું નથી.**

## ( શ્રી અમરચંદ્રાચાર્યકૃત )

ધર્મકથાનુયોગમાં શ્રી તીર્થંકર ભગવંતોના ચરિત્ર જેમાં આવેલ હોય છે તે ઉત્તમોત્તમ ધર્મકથા કહેવાય છે, જેના વાંચન–મનન અને અનુકરણથી મનુષ્ય મહાન પુરુષ બને છે, બાળકોને વાંચતા રસ ઉત્પન્ન થાય, દૃઢશ્રદ્ધા પ્રકટે, કંટાળો ન ઉપજે સહેલાઈથી મનન કરી કંઠાગ્ર થઈ શકે અને મોટી ઉમરે પણ તે ભૂલી ન શકે. આવા સંક્ષિપ્ત જિનેશ્વર દેવોના ચરિત્રો જ બાળજીવોને પ્રાથમિક ભૂમિકારૂપ ખાસ મનાયા છે. અને તેવો આ ગ્રંથ છે. જેમાં જોઈએ તેટલું અને કંઠાગ્ર થઈ શકે તેટલું જ ચરિત્ર વર્ણન આપવામાં આવેલું છે. સુંદર સાદી, સરળ ગુજરાતીમાં છપાવેલ છે. તેમાં વિશિષ્ટતા એ છે કે પ્રથમ મુખદર્શન ઉપર પવિત્ર શ્રી શત્રુંજય તીર્થનો દૃશ્ય ફોટો આવેલ છે. ગ્રંથની શરૂઆતમાં પૂજ્યશ્રી હરિભદ્રાચાર્ય કૃત મહાદેવ અષ્ટક, પછી અનુક્રમે દરેક તીર્થંકર ભગવંતોના વિવિધ રંગના ફોટાઓ, ઇન્દ્ર મહારાજની ભક્તિ અને નિર્વાણભૂમિના રંગીન દૃશ્યો, પછી પરમાત્માના ચરિત્રો, વચમાં શ્રી યશોવિજયજી મહારાજકૃત પરમાત્મ જ્યોતિ પચ્ચીશી, પરમાત્મા પચ્ચીશી, શ્રી હેમચંદ્રાચાર્યકૃત વીતરાગસ્તોત્ર અને છેવટ શ્રી સિદ્ધસેન દિવાકરકૃત બત્રીશીએ સર્વ મૂળ અર્થ સાથે આપવામાં આવેલ છે. સુંદર બાઇડીંગ વગેરેથી આકર્ષક, અનુપમ આ ગ્રંથ તૈયાર કરવામાં આવેલ છે. ઉંચી જાતના પેપરો ઉપર તૈયાર કરવામાં આવેલ તૈયાર છે. કિંમત રૂા. ૬–૦–૦ (પોસ્ટેજ જુદું)

---

### શ્રી દેવભદ્રાચાર્ય કૃત–

## શ્રી કથારત્નકોષ ગ્રંથ ( અનુવાદ ) ( ભાગ ૧ લો )

યથાર્થ નામને શોભાવતો આ કથારત્નકોષ ગ્રંથ સંવત ૧૧૫૮ ની સાલમાં પૂજ્ય પૂર્વાચાર્ય મહારાજે મૂળ પ્રાકૃતભાષામાં સુમારે સાડાબાર હજાર શ્લોકપ્રમાણમાં વિદ્વત્તાપૂર્ણ રીતે રચેલો છે. આ ગ્રંથમાં સમ્યકૃત્વાદિના ત્રીશ સામાન્ય ગુણો અને પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણો સુંદર, અનુપમ, વાચકને રસ ઉત્પન્ન કરે તેવી કથાઓ જે કેટલીક કથાઓ તદ્દન નવીન બીજે નહિં જોવાયેલી, તે નહિં વાંચવા સાંભળવામાં આવેલી જે જે ગુણો સાથે વંચાય તે તે ગુણો ગ્રહણ કરવાની વાચકને ઘડીભર જિજ્ઞાસા થાય અને સાથે આત્માને આલ્હાદ ઉત્પન્ન કરે તેવી કથાઓ છે.

દરેક કથાના વર્ણનમાં અને ઉપસંહારમાં તે તે ગુણોનું સ્વરૂપ, તેનું વિવેચન, તેના લગતા ગુણદોષો, લાભહાનિનું નિરૂપણ અતિ વિદ્વત્તાપૂર્ણ રસભરિત રીતે કર્યું છે.

ગુણોના વર્ણન ઉપરાંત પ્રસંગોપાત અનેક મહત્વના વિષયો જેવાં કે ઉપવન, ઋતુ, રાત્રિવર્ણનો વગેરે; તેમ જ રાજકુળના પરિચયથી થતાં લાભો, સત્પુરુષોનો માર્ગ, આપઘાતના દોષો, દેવદર્શન, પુરુષોના પ્રકારો, નહિ કરવાલાયક, છોડવાલાયક, ધારણ કરવાલાયક, વિશ્વાસ નહિ કરવાલાયક, અતિથિસત્કારાદિ અનેક વિષયો, છીંકવિચાર, રત્નલક્ષણો, સામુદ્રિક, રત્નપરીક્ષા વગેરે લોકમાનસને આકર્ષક સ્થૂલ વિષયો, દેવગુરુધર્મતત્ત્વનું અનુપમ સ્વરૂપ, વ્યવસ્થાપનવાદ સ્થળ, આઠ પ્રાતિહાર્યનું સ્વરૂપ, ધર્મતત્ત્વપરામર્શ, જિનપૂજાનું વિસ્તૃતસ્વરૂપ, સામાન્ય ધર્મોપદેશ, મૂર્તિપૂજા વિષયિક વર્ણન, અભક્ષ્ય અનંતકાય ભક્ષણદોષપણું આદિ ગંભીર ધાર્મિક વિચારો, ઉપધાન, ધ્વજારોપણ તથા મૂર્તિપ્રતિષ્ઠા આદિ વિધાનો અને અંતર્ગત અનેક કથાઓ, સુભાષિતો આદિ વિવિધ વિષયો આપવામાં આવ્યા છે. જેથી કર્તા આચાર્યમહારાજ કેટલા સમર્થ અને બહુશ્રુત આચાર્ય હતા અને તેમની આ કૃતિ પાંડિત્યપૂર્ણ અને અર્થગંભીર એટલી બધી છે કે મનનપૂર્વક નિરંતર પઠનપાઠનથી વાચક જરૂર આત્મકલ્યાણ સાધી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

આ ગ્રંથ ઘણો જ મ્હોટો હોવાથી બે ભાગમાં પ્રકાશન કરવાનો હોવાથી આ તેનો પ્રથમ ભાગનું પ્રકાશન કરવામાં આવ્યું છે. મૂળ ગ્રંથના સંપાદક, મહાન સંશોધક સાક્ષરશિરોમણિ કૃપાળુ શ્રી પુણ્યવિજયજી મહારાજશ્રીની લખેલી વિદ્વત્તાપૂર્ણ ગુજરાતી ભાષામાં મૂળ ગ્રંથમાં આવેલી છે તે જ પ્રસ્તાવના આ પ્રથમ ભાગમાં અમોએ પ્રગટ કરી છે, જેથી ગ્રંથકર્ત્તા પૂર્વાચાર્ય અને સંપાદક મહાત્માશ્રીની વિદ્વત્તા માટે અપૂર્વમાન વાંચકને ઉત્પન્ન થયા સિવાય રહેશે નહિં.

ઊંચામાં ઊંચા ટકાઉ કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી ચાલીશ ફોર્મ ક્રાઉન આઠ પેજીમાં વિવિધરંગીન કવરજેકેટ મજબુત બાઈંડીંગથી વધતી જતી સખ્ત છાપકામની મોંઘવારી છતાં સુંદરમાં સુંદર આ ગ્રંથનું પ્રકાશન કરેલ છે. અનેક વિષયોનું જ્ઞાન કરાવનાર આવો ગ્રંથ હજી કોઇ પ્રગટ થયો નથી તેમ વાંચતા માલુમ પડશે. કિંમત રૂા. ૧૦-૦-૦ પોસ્ટેજ જુદું

## શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરનું સચિત્ર ચરિત્ર.

પૂર્વાચાર્ય શ્રી માનતુંગસૂરીશ્વરજી રચિત શુમારે પાંચ હજાર ઉપરાંત શ્લોક પ્રમાણ સંસ્કૃત ભાષામાં રચેલ આ અનુપમ કૃતિનો ગુજરાતીમાં અનુવાદ ( ગ્રંથ ) છપાય છે. ઊંચા કાગળો, સુંદર ગુજરાતી ટાઈપો, પ્રાચીન કલાની દૃષ્ટિએ સુંદર પરિકર સાથેનો, પ્રભુનો ફોટો, શાસનદેવ સહિત પ્રભુનો ફોટો, શ્રી સમેત્તશિખર નિર્વાણ પામ્યાના વખતનો, મેરૂપર્વત જન્માભિષેકનો, જ્યાં પ્રભુના ચાર કલ્યાણો થયા છે તે, **સિંહપુરી** નગરના વર્ણન સહિતનો અને સુંદર કવર જેકેટનો અને પરમ ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજનો વગેરે સર્વ રંગીન આર્ટ પેપર ઉપર સુંદર ફોટાઓ સાથે અને અલંકૃત બાઇંડીંગ સાથે પ્રગટ થશે. આ ગ્રંથમાં આર્થિક સહાય આપનાર પુણ્યવંત ભાગ્યશાળી શ્રીમંત જૈન બ્હેનો કે બંધુઓનો પણ ફોટો જીવનચરિત્ર સાથે આ ચરિત્રમાં આપવામાં આવશે. સુકૃતની લક્ષ્મીનો જ્ઞાનોદ્ધાર જ્ઞાનભક્તિ માટે અવશ્ય લાભ કોઇ પણ પરમ શ્રદ્ધાળુ આત્માએ ખાસ લેવા જેવું છે. જીવનમાં આવો જ્ઞાનભક્તિનો પ્રસંગ સુકૃત લક્ષ્મી અને પૂર્વના પુણ્યયોગે જ મળી શકે છે. આ જ્ઞાન અને પ્રભુભક્તિના ઉત્તમ કાર્ય માટે કોઇ પુણ્યપ્રભાવક જૈન બંધુઓની આર્થિક સહાયની જરૂર છે.

## કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજકૃત-
## શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર મૂળ.

( બીજો ભાગ-પર્વ ૨, ૩, ૪. ) ( શ્રી અજિતનાથ પ્રભુથી શ્રી ધર્મનાથ પ્રભુ સુધી )

ત્રણ પર્વો શુમારે પચાશ ફોર્મમાં સુંદર ઉંચા લેઝર પેપર ઉપર સુંદર શાસ્ત્રી ટાઈપમાં નિર્ણયસાગર પ્રેસમાં પ્રતાકાર તથા બુકાકારે બંને સાઇઝમાં છપાઇ તૈયાર થયો છે, હજી સુધી વધતી સખ્ત મોંઘવારીને લઇને સુંદર કાર્ય કરાવતાં ઘણો મ્હોટો ખર્ચ થયો છે. કિંમત પ્રતાકાર રૂા. ૧૦ બુકાકારે રૂા. ૮) પોસ્ટેજ જુદું. **પ્રથમ ભાગની જુજ બુકાકારે સિલિકે છે જે જ્ઞાનભંડારોમાં રાખવા જેવી છે. કિંમત છ રૂપીયા પોસ્ટેજ અલગ.**

## શ્રી પાર્શ્વનાથ પ્રભુ ( સચિત્ર ) ચરિત્ર.

( ઘણી થોડી નકલો સિલિકે છે. )

આ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર, સુંદર, આકર્ષક અને આત્મકલ્યાણ સાધનારૂં હોવાથી જૈન સમાજમાં પ્રિય થઇ પડવાથી, જિજ્ઞાસુ જૈન બંધુઓ અને બ્હેનો આ ચરિત્ર ગ્રંથ ભેટ મંગાવે છે, **જેથી હવે પછી નવા થનારા લાઇફ મેમ્બર બંધુએ અને બ્હેનોએ રૂા. ૧૦૧) લાઇફ ( મેમ્બર ફીના તથા રૂા. ૭) શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્રના મળી રૂા. ૧૦૮) મોકલી આપશે તેમને ( સિલિકમાં હશે ત્યાં સુધી ) ભેટ આપવામાં આવશે. કિંમત રૂા. ૧૩)**

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only